# RAJKOT MUNICIPAL CORPORATION

e - Tender No. RMC/ENGG/WZ/24-25/147

## Bid Documents For

CONTRACT FOR ZONAL WATER WORKS FOR THE YEAR 2025-26 OF RAJKOT MUNICIPAL CORPORATION.

| Milestone dates for e-tendering are as under | |
|---|---|
| 1. Downloading of e-documents | 06-01-25 To 20-01-25 upto 17.00 Hrs. |
| 2. Pre bid meeting at Central Zone Conference Room | 13-01-25 at 16.00 Hrs |
| 3. Last date for online submission of e-Tender | 20-01-25 upto 18.00 Hrs. |
| 4. Submission of EMD, Tender fee and other documents for verification by Regd.Post.A.D. / Speed Post | Before 27-01-25 upto 18.00Hrs. |
| 5. Opening of Technical Bid | 28-01-25 at 11.00 Hours onwards |
| 6. Verification of submitted documents (EMD, e - Tender fee, etc.) | 28-01-25 at 11.00 Hours onwards |
| 7. Opening of Price Bid (For Technically qualified bidders only) | 29-01-25 at 11.00 Hours onwards |
| 8. Bid Validity | 120 Days |

**2024-25**

**CITY ENGINEER (I/C)**
**RAJKOT MUNICIPAL CORPORATION**
**SHRI HARISINHJI GOHIL BHAWAN**
**WEST ZONE, 150 FT RING ROAD,**
**RAJKOT - 360005 (GUJARAT)**

# RAJKOT MUNICIPAL CORPORATION

BID DOCUMENT FOR

## CONTRACT FOR ZONAL WATER WORKS FOR THE YEAR 2025-26 OF RAJKOT MUNICIPAL CORPORATION

**PART-I**

Section-1 Invitation to Bid, Instructions to Bidders and Formats.

Section-2 General Conditions of Contract

**PART-II**

Section-3 Technical Specifications

**PART-III**

Bill of Quantities (With Price)

# ABBREVIATIONS

Statement showing the details of abbreviations

| Full Form | Abbreviation |
|---|---|
| CITY ENGINEER | ACE |
| Operation and Maintenance | O&M |
| Net Present Value | NPV |
| Engineering Procurement and Construction | EPC |
| Paschim Gujarat Vij Co. Ltd. | PGVCL |
| Critical Path Method | CPM |
| Reinforced Cement Concrete | RCC |
| High Ground Level Reservoir | HGLR |
| Kilometer | KM |
| Mild Steel | MS |
| Bureau of Indian Standard | BIS |
| American Water Works Association | AWWA |
| American Petroleum Industries | API |
| Million Liter per Day | MLD |
| High Yield Strength Deformed bar | HYSD |
| Corrosion Residence Steel | CRS |
| Ordinary Portland Cement | OPC |
| American Standard for Testing of Material | ASTM |
| Flux Compensated Magnetic Amplifier | FCMA |
| Cost Insurance and Freight | CIF |
| Free On Board | FOB |
| EX – Works | EXW |

# PART - I
# SECTION - 1

## INVITATION FOR BIDS

# RAJKOT MUNICIPAL CORPORATION
## *e*-TENDER NOTICE

Rajkot Municipal Corporation, Shri Harisihji Gohil Bhawan, West Zone, 1st Floor, 150 Ft Ring Road, RAJKOT - 360 005, invite e-Tenders with two bid system by e-tendering from the contractors registered in State Government / Central Government in E-2 and above for the work of **Contract for ZONAL WATER WORKS for the year 2025-26 of Rajkot Municipal Corporation**:

| **Milestone dates for e-tendering are as under** | |
|---|---|
| 1. Downloading of e-documents | 06-01-25 To 20-01-25 upto 17.00 Hrs. |
| 2. Pre bid meeting at Central Zone Conference Room | 13-01-25 at 16.00 Hrs |
| 3. Last date for online submission of e-Tender | 20-01-25 upto 18.00 Hrs. |
| 4. Submission of EMD, Tender fee and other documents for verification by Regd.Post.A.D. / Speed Post | Before 27-01-25 upto 18.00Hrs. |
| 5. Opening of Technical Bid | 28-01-25 at 11.00 Hours onwards |
| 6. Verification of submitted documents (EMD, e - Tender fee, etc.) | 28-01-25 at 11.00 Hours onwards |
| 7. Opening of Price Bid (For Technically qualified bidders only) | 29-01-25 at 11.00 Hours onwards |
| 8. Bid Validity | 120 Days |

1. The e-tender fee for work amounting **Rs.3000/- per Ward(Bid)** will be accepted only in form of Demand Draft in favor of "Rajkot Municipal Corporation" Rajkot, payable at Rajkot from any Nationalized Bank or Scheduled Bank (except Co-operative Bank) in India and must be delivered to above address.

2. All bidders must submit Bid security (EMD) amounting to **Rs.1,00,000/- per Ward(Bid)** for work as above(after providing the online details of the same), either directly deposited in ICICI Bank Account No.015305010638 (Rajkot Municipal Corporation) IFSC Code ICIC0000153 or submit at the below mentioned address in form of Demand Draft in favour of "Rajkot Municipal Corporation", Rajkot, from any Nationalized Bank or Scheduled Bank (except Co-operative Bank) in India. Bank Guarantee will also be accepted.

3. Submission of required documents shall have to be done at the below mentioned address:

   *Office of the* I/C CITY ENGINEER
   Rajkot Municipal Corporation,
   SHRI HARISINHJI GOHIL BHAWAN,
   WEST ZONE Office,
   150 FT RING ROAD,
   Rajkot-*360005 (Gujarat)*

4. The pre-qualification requirement is as under:

   **i) Financial Criteria:**
   1. An average annual turnover of last seven years should not be less than **Rs.15.00 Lacs**.
   2. Working Capital and solvency should not be less than **Rs.4.50 Lacs.**

   Note:-
   Enhancement Factor at 10% per year for last seven years will be applicable to arrive average annual turnoverand finalize the magnitude of work done in last seven years.

   **ii) Experience Criteria:**
   The bidder should posses following minimum experience:
   1. Bidder have completed at least **one work of one year zonal work** of Drainage work (annual total work done) will be considered OR bidder should have completed one work of similar nature amounting to **Rs.3.00 Lacs** of either Government or Semi-Government as a main contractor in period of last seven years.

5. The experience of Private Limited Company will not be Considerd.

6. The contractor shall have to submit "Declaration" on Non-Judicial Stamp Paper of **Rs.300/-** duly Notarized **Per Zone/Ward/Bid** stating that he is nowhere Black Listed/debarred as well as No Police complaint has been lodged against him and the documents submitted for verification are True and Real in nature.

7. **The contractor shall have to quote their rates excluding GST and including all other taxes and the Invoice with break-up of GST is to be submitted accordingly, failing which, such amount will be deducted from the bill of the agency and deposited accordingly. RMC shall pay prevailing rate of GST (presently 18%) extra.**

8. Within 10 (ten) days from the date of issue of the letter accepting his tender, the successful Bidder shall furnish the required Security Deposit for performance and plus additional security if any for unbalanced bids in accordance with the condition of the contract and attend the office of the Engineer In-charge for execution of the contract documents. If he fails to furnish the Security Deposit for performance or to execute the contract for the work offered to him, his EMD shall be forfeited and the Bidder may be Black Listed / Debarred from tendering for further works of RMC for the period of three years.

9. The details of Proprietor and I .D .Proof shall have to be submitted along with Registration details.

10. The tender of those bidders who do not submit the required documents physically in "**Self Attested**" or "**True Copy**" duly signed within the stipulate d date and time, will be treated as no n- responsive and their Price Bid will not be opened.

11. **The bidders who bid for more than one ward / zonal work will have to submit Tender Fee / EMD, for each offer otherwise their bids will be treated as non-responsive and their Price Bid will not be opened in any case.**

12. The agency of Partnership nature shall have to submit Registered Partnership Deed.

13. **The bidder shall have to pay the Professional Tax for current financial year imposed by Government of Gujarat, and also the bidder shall have to produce Enrollment Certificate for the same.**

14. **All bidders are instructed to super scribe "Name of the work" & Ward No. on the envelope submitted.**

15. **Bidder shall have to submit Employees Provident Fund Registration Number and E.S.I.C. details with the Document of tender itself.**

16. Commissioner, Rajkot Municipal Corporation, Rajkot, reserves the right to accept / reject any or all e- tender(s) without assigning any reasons thereof.

17. Unemployed Fresh Engineer Shall not be allowed to apply for the zonal tender.

18. The contractor shall have to purchase the material required for this tender work, only from the supplier having registered GST Number. RMC will not be responsible to pay any amount towards GST if the material is purchased from the unregistered supplier / not having GST Number.

19. After opening of Technical Bid, the procedure for the pre-qualification shall be adopted and the Price Bid of only successful qualified bidder shall be opened for final evaluation of the contract. The decision of Municipal Commissioner regarding the pre-qualification shall be final and binding to all the bidders.

20. The Tender of those bidder(s) those who fails to produce the required documents physically within the stipulated date and time, will be treated as non responsive and their Price Bid will not be opened.

21. The bidder should not have been Black Listed, suspended, terminated, backed out, debarred & delisted by any Municipal Body / Urban Local Body / Development Authority in any State Government Body or undertaking / any department or undertaking of Government of India, since inception of the firm / Company. Such a case will be rejected out rightly. A Declaration in this regard on Rs.300/- Stamp Paper duly Notarized shall have to be submitted as per Annexure along with the tender documents. Submission of the bid document without such Notarized declaration will be rejected out rightly.

22. The bidder should provide accurate information on any litigation history or arbitration resulting from contracts completed or under execution by him over the last ten years. This should also include such cases, which are in process / progress. A consistent

history of awards against the bidder may result in failure of the bid. In case the bidder has not provided such information and has come to the notice of the authority, the tender will be rejected at what so ever stage and in such case all the losses that will arise out of this issue will be recovered from the Bidder / bidder and he will not have any defense for the same.

23. Joint Venture is not permitted for this tender.

24. Conditional Tenders will be out rightly rejected.

25. If no agency remains present and are no points for Prebid meeting, “NIL” minutes to be considered and the same will not be uploaded.

26. Rajkot Municipal Corporation, Rajkot, reserves the right to accept / reject any or all e-tender(s) without assigning any reasons thereof.

**CITY ENGINEER**
**Rajkot Municipal Corporation**

**CHECKLIST FOR SUBMISSION OF DOCUMENTS (ONLINE AND OFFLINE)**

The bidder must submit the relevant documents as per below:

| Sr No | Document Name | ONLINE SUBMISSION | OFFLINE SUBMISSION |
|---|---|---|---|
| 1 | Tender Fee | ✓ | ✓ |
| 2 | EMD | ✓ | ✓ |
| 3 | Tender Documents with Corrigendum, if any with Agency Sign & Stamp | -- | ✓ |
| 4 | Agency Registration Certificate | ✓ | -- |
| 5 | GST Registration | ✓ | -- |
| 6 | PAN Card | ✓ | -- |
| 7 | PF Registration | ✓ | -- |
| 8 | ESIC Registration | ✓ | -- |
| 9 | Labour License & CESS Registration | As Per Prevailing Govt. Rules | -- |
| 10 | Profession Tax (PEC and PRC) | ✓ | -- |
| 11 | Solvency Certificate | ✓ | -- |
| 12 | Non-Blacklist Declaration and Litigation History | ✓ | ✓ |
| 13 | Turnover Certificate from CA | ✓ | -- |
| 14 | Work Experience Certificates | ✓ | -- |
| 15 | Working Capital Certificate From C.A. | ✓ | -- |
| 16 | Other documents, if any | ✓ | -- |

**Note:** The bidder must submit all relevant documents as per qualification criteria and tender conditions. No correspondence to the agency will be done for shortfall documents.

Original documents to be brought by bidder/authorized person for verification on the date and time as communicated by engineer-in-charge. Successful bidder to submit hard copy of tender documents including addenda/Corrigendum, if any and other supportive documents as required in this tender, duly stamped & signed on all pages.

**CITY ENGINEER**
**Rajkot Municipal Corporation**

**Name and signature of Bidder**

| Check List for submission of Documents Tab | |
|---|---|
| Tender Fee submitted as per Tender | Yes / No |
| Tender Earnest Money Deposit submitted as per Tender | Yes / No |
| Registration documents submitted as per tender requirement | Yes / No |
| **Financial Details:** | |
| Turnover details submitted as per requirement | Yes / No |
| Working Capital as per requirement of tender is submitted | Yes / No |
| Valid Bank Solvency submitted | Yes / No |
| Validity of Bank Solvency | Date: |
| **Experience Details:** | |
| Details of Technical Staff and details of machineries submitted | Yes / No |
| Address proof submitted | Yes / No |
| Identity proof submitted | Yes / No |
| Fresh Declaration on Non-Judicial Stamp Paper regarding not black listed or Terminated or Debarred, is | Yes / No |
| Professional Tax Receipt of current | Yes / No |

**Note:**
**Over and above, the agency shall also have to submit all other necessary documents as may be required for pre-qualification, failing which, the agency will be treated as Non-responsive and will be DISQUALIFIED and also the online price bid of such agency will not be opened.**

Signature of contractor with seal

# INSTRUCTIONS
# TO
# BIDDERS

# <u>રાજકોટ મહાનગર પાલિકા</u>

## :: સને ૨૦૨૫-૨૬ વર્ષ માટે વોટરવર્કસ ઝોનલ  કામની શરતો સમજુતી ::

આ ઝોનલ કામ રાખનાર એજન્સીને ઝોનલ કોન્ટ્રાકટરશ્રી તરીકે ઓળખવામાવા આવશે. આ કામ માટે ૨૦૨૩-૨૪ ના મંજુર થયેલ S.O.R. ને આધાર (બેઇઝ) રાખીને, રાજકોટ મહાનગરપાલિકા – રાજકોટનાં કામો માટે તૈયાર કરાયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની હદમાં નીયર કરેલા ઝોનવાઈઝ રૂ.૨,૦૦,૦૦૦/- સુધીની રકમના ઝોનલ કામો માટે નીચે મુજબની આ શરતો તથા સમજુતી છે.

1. **લેબર કાયદા અનુસાર કોન્ટ્રાકટરશ્રીએ સરકારશ્રી નાં લેબર એક્ટ મુજબ લેબર લાયસન્સ લેવાનું રહેશે તથા ઇન્સ્યુરન્સ લેવાનો રહેશે. જેની નકલ કરારનામા સાથે આપવાની રહેશે.**
2. **લેબર કાયદા અનુસાર રા.મ.ન.પા./લીગલ/જા.નં.૧૨૨૧ તા.૨૫/૦૮/૨૦૨૩ પરિપત્ર મુજબ ચુસ્ત અમલવારી કરવાની રહેશે. પરિપત્ર આ સાથે સામેલ છે તથા પરિપત્ર અનુસાર પ્રતિ માસિક/વાર્ષિક ડોક્યુમેન્ટ રજુ કરવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ કર્મચારી પ્રોવીડન્ટ ફંડ (E.P.F.) નંબર લેવાનો રહેશે અને પ્રવર્તમાન નિયમાનુસાર શ્રમિકોનો પી.એફ. કપાત કરવાનો રહેશે તથા કામે રાખેલ શ્રમિકોની માહિતી તથા કપાત કરાયેલ પી.એફ.ની વિગતો નિયત નમૂનામાં નિયમિત રીતે રજુ કરવાને રહેશે.**
3. લેબર કાયદા અનુસાર આવશ્યક જણાયે કોન્ટ્રાકટરશ્રીએ કાયદા મુજબ નંબર લેવાનાં રહેશે.
4. કોન્ટ્રાકટરશ્રીએ પોતે રાખેલ કારીગરોને મીનીમમ વેજીસ એકટ પ્રમાણે દર આપવાનાં રહેશે. તેમજ સંબંધિત લેબર કાયદાઓનું પાલન કરવાનું રહેશે, તથા વખતોવખતના સરકારશ્રીના અન્ય કાયદાઓનું પાલન કરવાની જવાબદારી કામ રાખનાર એજન્સીની રહેશે. તથા જરૂરીયાત મુજબના લાયસન્સો લેવાની જવાબદારી જે તે એજન્સીની રહેશે.
5. કોન્ટ્રાકટરશ્રીએ ઉકત તમામ પ્રવર્તમાન કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ સરકારશ્રી તરફથી વખતોવખત જે કાંઈ ફેરફાર થાય તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.જેમાં ભંગ થયે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. આવા નિયમ ભંગ અંગેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની પોતાની જ રહેશે.
6. રાજકોટ મહાનગરપાલિકાના મેશનરી, વોટર વકર્સ, રસ્તા તેમજ ડ્રેનેજ કામો માટે વાપરવામાં આવતા સઘળા કાચા માલની રોયલ્ટી જે તે ડીપાર્ટમેન્ટમાં ભરવાની જવાબદારી આ કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રીની રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ ભરેલ ભાવોમાં આ રોયલ્ટીનો સમાવેશ કરવાનો છે. અને આ અંગેની કાયદેસરની તમામ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.રાજકોટ મહાનગરપાલિકાની આ માટે કોઈ પણ જવાબદારી રહેશે નહી જેની સ્પષ્ટ સમજણ રાખી કામ રાખવાનું રહેશે.
7. સઘળા માલની ફી, સેલ્સ ટેકસ, સર્વિસ ટેકસ તથા અન્ય તમામ પ્રકારના ટેકસ કે ફી જે તે ડીપાર્ટમેન્ટમાં ભરવાની જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની/કામ રાખનારની રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ ભરેલ ભાવોમાં GST સિવાયના તમામ પ્રકારના ટેકસનો સમાવેશ કરવાનો છે. રાજકોટ મહાનગરપાલિકા, કોન્ટ્રાકટરશ્રીને આ માટે વધારાનું કોઈ ચુકવણું કરશે નહી કે રાજકોટ મહાનગરપાલિકા-રાજકોટની આ અંગે કોઈ જવાબદારી રહેશે નહી સરકારી નિયમ મુજબ GST, ઇન્કમટેક્ષ કે અન્ય પ્રકારનાં ટેક્ષ સુચના મળ્યેથી કોન્ટ્રાકટરશ્રીનાં બીલ માંથી કપાત કરવામાં આવશે.
8. કામ પુરા ખંત અને નિષ્ઠાથી કરવાનુ રહેશે અને કરેલું સઘળું કામ સુવ્યવસ્થિત (સ્કીલ ફુલ્લી) રીતે કરેલુ હોવુ જોઈએ. કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રી જે માલ સામાન ઉપયોગમાં લે તે નિયત ધોરણ મુજબનો હોવો જોઈએ અને લગત વોર્ડ /ઝોનના સાઈટ ઇન્ચાર્જશ્રીએ એપ્રુવ કરેલો હોવો જોઈએ. આ કામ કેટલી ત્વરા ચલાવવું તે બાબત તથા કામ અથવા તેમાં વપરાતા માલ -સામાન બાબતે તકરાર થયે સીટી એન્જીનીયર કે સમકક્ષ અધિકારી જે હુકમ કરે તે આખરનો સમજવાનો રહેશે. સુચના મુજબ મટીરીયલ ટેસ્ટીંગ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.
9. કોન્ટ્રાકટર તરફથી પ્રોગ્રેસ બીલ  માટે માંગણી આવશે અને વ્યાજબી લાગશે, તો થયેલ કામનું માપ લઈ પ્રોગ્રેસ બીલ

આપવામાં આવશે.

10. **પોતાનાં કામદારને થયેલી ઇજા કે અન્ય કોઈ પ્રકારના નુકશાન માટે કોન્ટ્રાકટરશ્રી જવાબદાર રહેશે. તમામ કોન્ટ્રાકટરશ્રીએ તેમના કામદારો માટે વ્યક્તિ દીઠ ૧૦.૦૦ લાખનો વીમો ફરજીયાતપણે લેવાનો રહશે તથા તે એગ્રીમેન્ટ સાથે રજુ કરવાનો રહશે. કોન્ટ્રાકટરે તેમના કાયમી માણસોનો મેડીકલેઈમ લેવાનો રહેશે. કામદારોને થયેલ ઈજા માટે યોગ્ય બદલો આપવામાં જો કોન્ટ્રાકટર નિષ્ફળ નીવડે અને કામદારોને તે બદલો રાજકોટ મહાનગરપાલીકા તરફથી આપવામાં આવશે, તો તેવી આપેલી રકમ કામો રાખનાર કોન્ટ્રાકટરશ્રીને આપવા જોગ થયેલ રકમ માંથી અથવા આપવાની થાય તે રકમ માંથી કપાત કરવાનો રાજકોટ મહાનગરપાલિકાને અધિકાર રહેશે. ચાલુ કામે રાહદારીને/નાગરિકોને કોઇપણ ઈજા થશે તો તેની સંપૂર્ણ જવાબદરી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.**
11. આમા કબુલ કરેલી તેવી કામની જુદી-જુદી બાબતો માટેના દર જે તે બાબતો માટે મંજુર કરેલી સમજુતી અનુસાર પુરી કરવામાં આવી છે, એમ સ્વીકારવામાં આવે, તો જ કાયદેસર ગણાશે. જે પ્રસંગે કામની સદરહુ બાબતો એવી રીતે પુરી કરવાની છે એમ સ્વીકારવામાં નહી આવે તે પ્રસંગે નાયબ કાર્યપાલક ઈજનેર(વોર્ડ ઈજનેર)શ્રી છેવટના બીલો તૈયાર કરતી વખતે વ્યાજબી લાગે તેવા ઘટાડાના દરથી બીલો તૈયાર કરવાને અિધકૃત રહેશે.
12. 
    (૧) કોન્ટ્રાકટરે ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં કોઈ કોઈ માણસોને કામે રાખવાના રહેશે નહી.
    (૨) લગત વોર્ડ/વિસ્તારનાં નાયબ કાર્યપાલક ઈજનેર(વોર્ડ ઈજનેર)શ્રી દ્વારા-શારીરિક, માનિસક કે અન્ય અક્ષામતાના કારણોસર લગત માણસો કામ ઉપર રાખવાની મનાઈ કરવામાં આવે તેવા માણસોને કોન્ટ્રાકટરશ્રીએ કામે રાખવાના રહેશે નહી.
    (૩) કોન્ટ્રાકટરશ્રીએ, લગત સાઈટ ઉપર રાખવામાં આવનાર પોતાના અધિકૃત પ્રતિનિધિનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તથા સંપર્ક માટે તેનો મોબાઈલ નંબર રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં અચુકપણે રજુ કરવાનો રહેશે. **મોબાઈલ નંબર કોઈપણ સંજોગોમાં બંધ રાખી શકાશે નહિ.**
13. કામ ચાલુ કરવા માટે આપવામાં આવતા વર્ક ઓડરમાં સમય મયાર્દા જણાવવામાં આવશે, અને તે મુજબ કામ પૂરું કરી આપવાનું રહેશે. મુદત દરમ્યાન કામ પૂરું કરવામાં નહી આવે તો દરરોજના નીચે મુજબ પેનલ્ટી કોન્ટ્રાકટરશ્રીનાં બીલ માંથી કપાત કરવામાં આવશે.
    (૧) રૂ.૨૫૦૦૦/- સુધીનાં કામ માટે પેનલ્ટી પ્રત્યેક દિવસનાં રૂ.૨૫૦/- લેખે
    (૨) રૂ. ૨૫૦૦૧/-થી રૂ. ૫૦૦૦૦/- સુધીનાં કામ માટે પેનલ્ટી પ્રત્યેક દિવસનાં રૂ.૩૦૦/- લેખે
    (૩) રૂ.૫૦૦૦૧/- થી રૂ. ૧૦૦૦૦૦/- સુધીનાં કામ માટે પેનલ્ટી પ્રત્યેક દિવસનાં રૂ.૪૦૦/- લેખે
    (૪) રૂ.૧૦૦૦૦૧ /- થી રૂ. ૨૦૦૦૦૦/- સુધીનાં કામ માટે પેનલ્ટી પ્રત્યેક દિવસનાં રૂ.૫૦૦/- લેખે

    નોંધ :- વધુમાં વધુ પેનલ્ટી કામની રકમના ૧૦% મુજબની રહેશે.
14. કામ કરતા સમયે કોઈ માલ-સામાન નડતરરૂપ ન થાય તે રીતે કામ કરવુ, કોઈ પણ પ્રકારનાં અકસ્માતથી થયેલ નુકશાન અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.
15. **રાજકોટ મહાનગરપાલીકાના પ્રવર્તમાન ટેન્ડર પ્રોટોકોલને અનુસંધાને ઝોનલ કોન્ટ્રાકટર અંગેની પ્રાથમિક મંજુરી મળ્યાની તથા આનુસંગિક કાર્યવાહી અંગે કોન્ટ્રાકટરને લેખીત ખબર મળ્યાના દિવસ - ૧૦ માં સિક્યોરીટી ડીપોઝીટની રકમ નીચે મુજબના ટેબલમાં દર્શાવ્યા અનુસાર ૧૮ માસની મુદત માટે રાજકોટ મહાનગરપાલિકાની તરફેણની ફિક્સ ડીપોઝીટની રસીદ (એફ.ડી.આર) થી ડ્રેનેજ ઝોનલ કામ માટે ભરવાના રહેશે.**

| કોન્ટ્રાકટરશ્રી દ્વારા ભરેલ ભાવ | એફ.ડી.આર ની રકમ (પ્રતિ વોર્ડ (ઝોન)) |
|---|---|
| ૦.૦૦% થી ૧૦.૦૦% સુધી ઓછા | ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ પુરા) |
| ૧૦.૦૧% થી ૨૦.૦૦% સુધી ઓછા | ૬,૦૦,૦૦૦/- (છ લાખ પુરા) |
| ૨૦.૦૧% થી ૩૦.૦૦% સુધી ઓછા | ૭,૦૦,૦૦૦/- (સાત લાખ પુરા) |

| | |
|---|---|
| ૩૦.૦૧% થી ૪૦.૦૦% સુધી ઓછા | ૮,૦૦,૦૦૦/- (આંઠ લાખ પુરા) |
| ૪૦.૦૧% થી કે તેથી વધુ ઓછા | ૯,૦૦,૦૦૦/- (નવ લાખ પુરા) |

**સદરહુ કામો જાહેર જનતાની સુખાકારી લગત હોય, આ કામો સમયસર અને ગુણવત્તા સભર થાય તે માટે જાહેર હિતાર્થે એજન્સી દ્વારા રજુ થયેલ ભાવો / ઓફર રાજકોટ મહાનગરપાલિકાને અવાસ્તવિક / નોન-વર્કેબલ જણાય તેવા કિસ્સામાં સિક્યોરીટી ડીપોઝીટ પ્રતિ ઝોન(વોર્ડ) માટે ઉપરોક્ત ટેબલ માં દર્શાવ્યાને બદલે રૂ.૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ પુરા) માન. કમિશ્નરશ્રીનાં હુકમ અન્વયે ભરવાની રહેશે.**

**જો આમ કરવામાં ઝોનલ કોન્ટ્રાકટર માટે ભાવ ભરનાર વ્યક્તિ નિષ્ફળ જશે તો તેણે ભરેલી અર્નેસ્ટમેનીની રકમ જપ્ત કરવામાં આવશે, તથા આવા કોન્ટ્રાકટરશ્રીને રાજકોટ મહાનગરપાલિકાના તમામ કામો માટે ત્રણ વર્ષ માટે બ્લેકલીસ્ટ કરવામાં આવશે અને આવા સંજોગોમાં ઝોનલ કામ અંગે વૈકલ્પિક વ્યવસ્થા અંગેનો નિર્ણય કમિશ્નરશ્રી કરી શકશે.**

16. જે કોન્ટ્રાકટરના ભાવ મંજુર થાય તેઓએ ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર દિન- ૧૦ (દસ) કરારનામું કરી આપવાનું રહેશે, જેમાં નિષ્ફળ ગયેથી ભરવામાં આવેલ અર્નેસ્ટમનીની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે અને એજન્સીને રાજકોટ મહાનગરપાલિકાના કામો માટે ત્રણ વર્ષ માટે બ્લેક લીસ્ટ / ડીબાર કરવામાં આવશે અને એજન્સીના ખર્ચે અને જોખમે કાયર્વાહી કરવામાં આવશે.
17. કામમાં સુધારો વધારો કરાવવા અથવા કામ ઓછુ વતું કરાવવું તે બાબતે લગત વોર્ડ/વિસ્તારનાં નાયબ કાર્યપાલક ઈજનેર(વોર્ડ ઈજનેર)શ્રી અધિકૃત રહેશે.
18. સીકયોરીટી ડીપોઝીટ તરીકે ભરેલી રકમ ઝોનલ કોન્ટ્રાકટરની મુદત પૂર્ણ થયાનાં છ માસ પછી પરત આપવામાં આવશે. પરંતુ તે દરમ્યાન જો કોઈ કામ બરાબર ન થયેલ અથવા નુકશાન પામેલ માલુમ પડશે, તો તે કામ કોન્ટ્રાકટરે દુરસ્ત કરી આપવાનું રહેશે, અને જો તેમ કરવામાં તે નિષ્ફળ જશે તો સદરહુ દુરસ્તી તેના ખર્ચે અને જોખમે રાજકોટ મહાનગરપાલિકા તરફથી અન્ય કોન્ટ્રાકટરશ્રી મારફત કરાવી લેવામાં આવશે, અને પૈકી થયેલ ખર્ચ સીકયોરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા કોન્ટ્રાકટરનાં લેણા (બાકી) નીકળતા બીલ માંથી કપાત કરવામાં આવશે. સદરહું બાબતે કોઈ પણ વિવાદ ગ્રાહય રાખવામાં આવશે નહી.
19. કામ ઉપર કોન્ટ્રાકટરે પોતે અથવા તેમના અધિકૃત પ્રિતિનિધને કામ ઉપર તથા ઓફીસમાં હાજર રાખવાના રહેશે. પોતે જાતે હાજર રહી શકે તેમ ન હોય તો લગત વોર્ડના સીટી એન્જીનીયર કે સમકક્ષાના અધિકારીની પૂર્વ મંજુરી મેળવી, પ્રતિનિધિ નિયુક્ત કરી શકશે.
20. કામ પૂરું થયા બાદ સાઈટ/વિસ્તાર યોગ્ય રીતે સાફ કરી આપવાનો રહેશે અને જો તેમ કરવામાં કોન્ટ્રાકટર નિષ્ફળ જશે તો તેના ખર્ચે અને જોખમે રાજકોટ મહાનગરપાલિકા તરફથી સાઈટ/વિસ્તાર સાફ કરાવી લેવામાં આવશે.
21. રસ્તો બંધ કરવા માટે દિવસ નાં સમયમાંમાં સચનાનુ બોર્ડ, આડસ અથવા રાત્રીના સમયે બતી(લાઈટ) ની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાનાં ખર્ચે કરવાની રહેશે. તેને અભાવે થતી તમામ નુકશાનની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. કોઈ પણ કામના ખોદાણ વખતે આડસની વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે કરવાની રહેશે. લોકોના જાન-માલને કાંઈ નુકશાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાની આ અંગે કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહી જેની સ્પષ્ટ નોંધ લેવાની રહેશે.
22. નામંજુર કરવામાં આવેલ માલ અથવા કામ ૨૪ કલાકમાં ખસેડી લેવાનું અથવા દુર કરવાનું છે. તેમજ કામ સુધારી (દુરસ્ત) આપવાનું છે. જો તેમ કરવામાં નહી આવે તો કોન્ટ્રાકટર પાસેથી તેની થતી રકમ બીલ માંથી કપાત કરવામાં આવશે.
23. માલ -સામાનથી ગટરો ભરાઈ ન જાય તેની પુરી તકેદારી કોન્ટ્રાકટરે રાખવાની છે.
24. દરેક કોન્ટ્રાકટરનાં પ્રોગ્રેસ બીલ માંથી ૫ ટકા રાજકોટ મહાનગરપાલિકામાં જમા રહેશે. તેના ફાઈનલ બીલ માં તેનો સમાવેશ કરવામાં આવશે.
25. કોન્ટ્રાકટર પૈકી એક કરતા વધુ ભાગીદારો હોય તો જે તે વખતે ભાગીદારી ખતની નકલ રજુ કરવાની રહેશે અને આવી ભાગીદારી પેઢી રજીસ્ટર ઓફ ફોમર્સમાં રજીસ્ટર થયેલી હોવી જોઈએ.

26. કોઈ પણ કામમાં એક્સ્ટ્રા આઈટમ થશે, તો તે આઈટમ પ્રવતર્માન શેડયુલ ઓફ રેઈટ મુજબ કરી આપવાની રહેશે, અને તેના ઉપર કામ રાખનાર કોન્ટ્રાકટરનાં મંજુર થયેલા ભાવ અનુસાર ટકાનો વધારો કે ઘટાડો કરી આપવામાં આવશે. તે આઈટમનો ભાવ ચાલુ વર્ષના શેડયુલ ઓફ રેઈટસમાં નહી હોય તો યોગ્ય માર્કેટ રેઈટ આપવામાં આવશે. જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે.

**આ કામે વર્ષ ૨૦૨૩-૨૪ નાં બાંધકામ, ડ્રેનેજ તથા વોટરવર્કસ વિભાગના એસ.ઓ.આર.ને આધાર તરીકે ગણી એજન્સીએ પર્સન્ટેજ બેઇઝથી ભાવો રજુ કરવાના રહેશે. એસ.ઓ.આર. સિવાયની આઈટમોનાં કામો માર્કેટ રેઈટ એનાલીસીસ મુજબ નિયત થતા ભાવે કરી આપવાના રહેશે. આ એસ.ઓ.આર.માં સમાવિષ્ટ ન હોય તે આઈટમોનાં ભાવ R&B તથા GWSSB નાં ચાલુ વર્ષના એસ.ઓ.આર.માંથી લઇ શકાશે કે માર્કેટ રેઈટથી કામ કરી આપવાનું રહેશે.**

27. કોન્ટ્રાકટરને જે કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે કે તરત જ જરૂરી સુચનાઓ મુજબ તે કામ તાત્કાલિક ચાલુ કરવાનું રહેશે. જો કોન્ટ્રાકટરનું કામ ધીમી ગતિએ ચાલુ હશે, અગર તો મુદત દરમ્યાન પૂરું નહીં કરવામાં આવે, તો ધોરણસરની પેનલ્ટી વસુલ કરવામાં આવશે તેમજ બાકી રહેતુ કામ, લગત સીટી એન્જીનીયર નકકી કરે તે મુજબ બીજા કોન્ટ્રાકટર પાસે અગર તો ડીપાર્ટમેન્ટલ પૂરું કરાવી શકશે, અને રાજકોટ મહાનગરપાલિકાનાં ધોરણ પ્રમાણે ખર્ચ વસુલ લેવામાં આવશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલવામાં આવેલ નોટીસ, બજયા વગર પરત આવશે તો પણ તે બજેલી ગણવામાં આવશે. તેમજ ત્રણ નોટીસ મળ્યા બાદ કોન્ટ્રાકટરશ્રી કામ કરતા નથી તેમ માલુમ પડશે તો કોન્ટ્રાકટરશ્રીને રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ કામો માટે ત્રણ વર્ષ માટે બ્લેક લીસ્ટ / ડીબાર કરી, ભરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામા આવશે.

28. જે કિસ્સામાં ઝોનલ કોન્ટ્રાકટર કામ કરવામાં સક્ષમ ન હોય તેવુ માલુમ પડે અથવા કોઈ કોન્ટ્રાકટર ઈરાદાપુવર્ક આ કામ કરવાનું ટાળે છે, તેવુ વોર્ડ વિસ્તારના સીટી એન્જીનીયર કે સક્ષમ અધિકારીશ્રીને માલુમ પડે તો અન્ય વોર્ડના ઝોનલ કોન્ટ્રાકટરશ્રી પાસે મંજુર થયેલ ભાવથી પેરેલલ કોન્ટ્રાકટરશ્રી તરીકે કામ આપવામાં આવશે. પેરેલલ કોન્ટ્રાકટરશ્રી તરીકે કામ આપવાની સતા વોર્ડ વિસ્તારનાં સીટી એન્જીનીયર કે સક્ષમ અધિકારીશ્રીની રહેશે. આવા કિસ્સામાં ઝોનલ કોન્ટ્રાકટર કામ ન કરે તો તે જ ભાવથી બીજા કોન્ટ્રાકટર પાસે કામ કરાવવામાં આવતું હશે તેવા કિસ્સામાં બીજા કોન્ટ્રાકટરને અલગ સીકયોરીટી ડીપોઝીટ ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે. પરંતુ તે વોર્ડનો કરાર અલગથી કરવાનો રહેશે.

29. **કોઈ પણ સંજોગોમાં કોન્ટ્રાકટરને મંજુર થયેલ વોર્ડ અગર વિસ્તાર સિવાયનું અન્ય વોર્ડનું કામ ત્વરિત વ્યવસ્થાના ભાગરૂપે કરવાનું સોપવામાં આવે, તો તેઓના મંજુર થયેલ ભાવ પ્રમાણે કરી આપવા બંધાયેલ છે.**

30. આવશ્યક સંજોગોમાં કોઈ અગત્યનું કામ કોન્ટ્રાકટરશ્રીને તાત્કાલિક કરી આપવાનું કહેવામાં આવે તો તે કામ લગત કોન્ટ્રાકટરશ્રીએ કરી આપવાનું રહેશે, અન્યથા સંબંધિત કોન્ટ્રાકટરશ્રી સામે દંડનીય પગલા લેવા અંગેનો નિણર્ય લગત વોર્ડ/વિસ્તારનાં સીટી એન્જીનીયર કરી શકશે.

31. રાજકોટ મહાનગરપાલિકાએ નકકી કરેલ શેડયુલ ઓફ રેઈટસની આઈટમો મુજબ ડ્રેનેજ ઝોનલ કામો તેમજ અન્ય કામો એસ.ઓ.આર.માં સમાવેશ ન હોય તેવી આઈટમો મંજુર થયેલ ભાવ મુજબ કોન્ટ્રાકટરશ્રીએ કરી આપવાની રહેશે.

32. જો રાજકોટ મહાનગરપાલિકા પાસે ફાજલ હશે, તો બાંધકામ અંગેના સાધન, ચાલુ હાલત(વર્કિંગ કંડીશન)માં ધોરણસર ડીપોઝીટ તેમજ ચાર્જ લઇ નિયમ મુજબ કોન્ટ્રાકટરને આપવામાં આવશે અને તે સાધનોની ભાંગફોડ બદલ નુકશાન ભરપાઈ કરવાની તમામ જવાબદારી કોન્ટ્રાકટરનાં શીરે રહેશે.

33. રસ્તાના કામોમાં બોલ્ડર, મેટલ, કે મોરમ ઉપરનું રોલીંગ, વોટરીંગ કામ વિગેરે માટે રોલરની વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. કોન્ટ્રાકટરશ્રી પાસે પોતાનો રોડ રોલર, ટ્રક, ટ્રેકટર વિગેરે સાધનો રાખવાના રહેશે.

34. વાર્ષિક ઝોનનો સમય સને ૨૦૨૫-૨૦૨૬ દરમ્યાન આપવામાં આવેલ વર્ક-ઓર્ડરની તારીખથી એક વર્ષ સુધીનો રહેશે જેને રાજકોટ મહાનગરપાલિકાની જારૂરીયાત મુજબ વિશેષ સમયગાળા માટે લંબાવી શકાશે જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે તથા તે માટે કોઈ અલગ કરાર કરવાનો રહેશે નહિ તેમજ અલગ સંમતિ મેળવવાની પણ રહેશે નહિ જે કોન્ટ્રાકટરશ્રીને બંધનકર્તા રહેશે. કોન્ટ્રાકટરના મંજુર થયેલ ભાવ મુજબ વિશેષ સમયગાળા માટે પેમેન્ટ કરવામાં આવશે.

35. દરેક કોન્ટ્રાકટરશ્રીએ પોતાએ રાખેલ વોર્ડ/ઝોનના કામોની સમજૂતી મેળવવા,ચાલુ કરવા અંગે તેમજ ચાલુ કામોની

પ્રગતિ બાબતે કોન્ટ્રાકટરશ્રીએ અથવા કામના કોન્ટ્રાકટરશ્રીના પ્રતિનિધીએ, કચેરી કામકાજના દિવસો દરમ્યાન નિયમિતપણે, સાંજે ૫-૦૦ થી ૬-૦૦ દરમ્યાન તેમજ એન્જીનીયર ઇન્ચાર્જ કહે ત્યારે રૂબરૂ આવવાનું રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ પોતાનો મોબાઈલ નંબર અવશ્ય જણાવવાનો રહેશે. મંજુર થયેલ અંદાજપત્રના વર્ક ઓર્ડર નાયબ કાયર્પાલક ઈજનેરશ્રી તરફથી ઇસ્યુ કરવામાં આવે તે નિયમીત રીતે મેળવી તાકીદે કામ ચાલુ કરી આપવાનું રહેશે.

36. **કોન્ટ્રાકટરશ્રીએ નિયુક્ત કરેલ જવાબદાર પ્રતિનિધિ અંગેની નિયુક્તિની વિગત કરારનામામાં સાથે કરવાની રહેશે.**
37. જાહેર રજામાં  કામ બંધ રાખવાનુ છે. પરંતુ જો લગત સીટી એન્જીનીયર કે ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયરશ્રી દ્વારા કોઈ આવશ્યક સંજોગો કે જરૂરીયાત હોય ત્યારે સુચના આપવામાં આવે તો તે કામ કરી આપવાનું રહેશે. કામદારોને અઠવાડીક ઓફ/જાહેર રજા નિયમાનુસાર આપવાનો/ની રહેશે.
38. રાજકોટ મહાનગરપાલિકાની તમામ પ્રકારની ઈમારતોમાં સચના મુજબનું તમામ કામ કરી આપવાનું રહેશે.
39. **એકસાથે વધુ કામોનો વર્ક ઓર્ડર આપવામાં આવશે અને તે સ્વીકારી કામ કરવાનું રહેશે.**
40. રાત્રે કામ કરવાનું કહેવામાં આવે તો કરી આપવાનું રહેશે, તેના માટે વધારાનો કોઈ ભાવ આપવામાં આવશે નહી.
41. કોઈ પણ કાયદાકીય વિવાદ અર્થે ફકત રાજકોટ શહેરજ કાયર્ક્ષેત્ર રહેશે.
42. અન્ય તમામ શરતો તથા સ્પેશીફીકેશન રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગના સ્પેશીફીકેશન તથા શરતો મુજબ સમજવાના રહેશે.
43. આ કામે રજુ થયેલ ભાવ રોયલ્ટી,એકસાઈઝ, સેલટેકસ,વેટ, સિવર્સ ટેકસ, લેબરના પ્રવતર્માન કાયદાની જરૂરી ફી વગેરે અન્ય જે કોઈ સરકારી કે અધર્સરકારી ટેકસ લાગુ પડે તે તમામ સહીતના હોવાથી તે ભાવ ભરનાર કોન્ટ્રાકટરશ્રીને આપોઆપ લાગુ પડશે. આ ટેકસમા ફેરફાર થશે તો તે અંગે વધારાના ખર્ચની રકમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મળવાપાત્ર થશે નહી. GST ના દરમાં ફેરફાર થયે તે મુજબ ચુકવણું કરવામાં આવશે.
44. પ્રાઈવેટ કામગીરી માટે શાખા હસ્તકના રોલનું ભાડું નીચે મુજબનું રહેશે.
    (૧) દૈનિક ભાડું રૂ.૪૦૦૦/-  ૮ કલાક માટે, વધારાની કલાકો માટે પ્રતિ કલાક રૂ.૬૦૦/-
    (૨) અર્ધો દિવસનું ભાડું રૂ.૨૫૦૦/- ૮ કલાક માટે, વધારાની કલાકો માટે પ્રતિ કલાક રૂ.૬૦૦/-
    (૩) મ્યુની. હદ બહાર દૈનિક ભાડું રૂ.૫૦૦૦/- ૮ કલાક માટે, વધારાની કલાકો માટે પ્રતિ કલાક રૂ.૬૦૦/-
    (૪) મ્યુની. હદ બહાર અર્ધો દિવસનું ભાડું રૂ.૩૫૦૦/- ૮ કલાક માટે, વધારાની કલાકો માટે પ્રતિ કલાક રૂ.૬૦૦/-

    અન્ય બહારની એજન્સીએ રોલ ભાડે આપવાનો થાય તો ભાડા ઉપરાંત ડીપોઝીટ રૂ.૧૫૦૦૦/- તથા રાજકોટ મહાનાગરપલીકાની હદ બહાર લઇ જવાનો થાય તો ભાડા ઉપરાંત ડીપોઝીટ રૂ.૨૫૦૦૦/- અગાઉથી ભરવાના રહેશે. રાજકોટ મહાનાગરપાલિકા તથા હદ બહાર રોલ ભાડેથી આપવાને સત્તા યથાવત લાગત સીટી એન્જીનીયરશ્રી કે તેમને સમકક્ષ અધિકારીશ્રીની રહેશે.
45. પ્રાઈવેટ કામગીરી માટે શાખા હસ્તકના વોટર ટેન્કરનું ભાડું નીચે મુજબનું રહેશે.
    (૧) દસ હજાર લીટર કેપેસિટી ફેરા દીઠ રૂ.૧૨૦૦/-
    (૨) પાંચ હજાર લીટર કેપેસિટી ફેરા દીઠ રૂ.૫૦૦/-
    (૩) રા.મ.ન.પા. ની હદ બહાર ભાડેથી આપવાનું થાય તો ભાડું યથાવત પરંતુ ડીપોઝીટ કામ દીઠ રૂ.૫૦૦૦/ લેવાની રહેશે. અને આ રકમ અગાઉથી ભરવાની રહેશે. હદમાં તથા હદ બહાર વોટર ટેન્કર ભાડેથી આપવાની સતા યથાવત લગત ઝોનના સિટી એન્જીનીયરશ્રી કે તેમને સમકક્ષ અધિકારીશ્રીની રહેશે.
46. મહાનગરપાલિકાની કામગીરી માટે મજુરોની જરુર પડે તો તે ઝોનલ કોન્ટ્રાકટરશ્રીએ પુરા પાડવાના રહેશે. મજુરો પુરા પાડવાના કામે જે તે વખતના સરકારશ્રીના અમલમાં હોય તે ધારા ધોરણ મુજબ રોજના દર પ્લસ ૧૫ ટકા એ મુજબ ચુકવણુ કરવામાં આવશે. તેમાં એજન્સીના વધારે ઓછા ભાવના ટકાની ગણતરી કરવામાં આવશે નહીં. રાખવામાં આવેલ મજૂર અંગેની કાયદાકીય જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે. ડ્રેનેજના ઝોનલ કોન્ટ્રાકટરશ્રીએ ડ્રેનેજને લગત કોઈ પણ કામગીરી માટે તથા ડ્રેનેજ સફાઈને લગત ડ્રેનેજ ફરિયાદ નિકાલની કામગીરી માટે રાજકોટ મહાનગરપાલિકાને

જયારે પણ મજુરોની જરૂર પડે ત્યારે જરૂરીયાત મુજબની સંખ્યામાં મજુરો વિના વિલંબે સત્વરે પુરા પાડવાનાં રહેશે. તથા તે તમામ મજૂરોનો ૧૦.૦૦ લાખનો વ્યક્તિ દીઠ વીમો ઉતારેલો જ હોવો જોઈએ તે બાબત ફરજીયાત છે.

47. રૂ.૨,૦૦,૦૦૦/- થી વધુ રકમના કોઈ પણ કામો અરસ પરસ સમજૂતીથી તથા કોન્ટ્રાકટરની લેખીત સહમતીથી કરવાના રહેશે.

48. બગીચામાં રમત-ગમતના સાધનો બગીચા વિભાગ દ્વારા આપવામાં આવશે પરંતુ સિવિલ કામો બાંધકામ નાં ઝોનલ મેશનરી કોન્ટ્રાકટરે કરવાના રહેશે.

49. **વોટર વર્કસ વિભાગના સિવિલ કામો ઝોનલ મેશનરી કોન્ટ્રાકટરે કરવાના રહેશે.**

50. મેટલીંગ કામમાં રોડ રોલર એજન્સીનો હોવો જોઇશે રસ્તા કામની એજન્સી માટે રોડ રોલર ફરજીયાત છે. જો રા.મ.ન.પા. પાસે રોડ રોલર ઉપલબ્ધ હશે તો શરત નં.૪૪ મુજબ ભાડું વસુલી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

51. એજન્સીનાં કમર્ચારીઓને ભરતી, બદલી, બઢતી, શિક્ષા વિગેરેના સરકારશ્રીના કે રાજકોટ મહાનગરપાલીકાના કોઈ નિયમો લાગુ પડશે નહિ.

52. કોન્ટ્રાકટરે કરેલ કામના મેઝરમેન્ટ સંબંધિત એન્જીનીયર પાસે લેવડાવી બીલ બનાવવા અંગેની માંગણી લેખિતમાં દિવસ -૮ માં રજુ કરવાની રહેશે અન્યથા આ કામે શાખા દ્વારા એક તરફી માપ લઈને બીલ બનાવી ચુકવણુ કરવામાં આવશે જે કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે તેમજ તે બાબતે કોન્ટ્રાકટરનો કોઈ વાંધો / વિરોધ માન્ય રહેશે નહી.

53. ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના જી.આર.નં. સિ.ડબલ્યુ.એ./૨૦૦૪/૮૪૧/એમ-૩ તા.૩૦.૦૧.૨૦૦૬ ના ઠરાવ મુજબ શ્રમીકોના કલ્યાણ માટે બીલની કુલ રકમના પ્રવતર્માન ધોરણે સેસ રકમ રાજકોટ મહાનગરપાલિકા રનીંગ બીલ માંથી કપાત કરશે, તેમજ તેના માટે જરૂરી રજીસ્ટ્રેશન એજન્સીએ સ્વ.ખર્ચે કરવાનું રહેશે.

54. કોન્ટ્રાકટરે સરકારશ્રીએ જણાવ્યા મુજબનો ચાલુ વર્ષનો પ્રોફેશનલ ટેક્ષ ભરવાનો રહેશે તથા તે અંગેનું એન્રોલમેન્ટ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

55. **કામ રાખનાર કોન્ટ્રાકટરશ્રીએ સરકારશ્રીના વખતો વખતના ઠરાવ/હુકમ/પરિપત્ર અનુસાર કામે રાખેલ કામદારો માટે ઈ.એસ.આઈ.(એમ્પ્લોયઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ) એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી જરૂરી રજીસ્ટ્રેશન નંબર મેળવવાનો રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ તેમના હસ્તકના કામદારોને ઈ.એસ.આઈ. એકટ હેઠળ મળવાપાત્ર તમામ લાભો આપવાના રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ ઈ.એસ.આઈ.એકટના જે તે સમયે પ્રવર્તમાન તમામ ધારા-ધોરણોનું પાલન કરવાનું રહેશે.**

56. દરેક ઝોનલ કામમાં કામની મુદત વર્ક ઓર્ડરની તારીખથી એક વર્ષ રહેશે અને નવો કોન્ટ્રાકટ ફાઈનલ ન થાય ત્યાં સુધી લંબાવી શકાશે. જે ધ્યાને લઈ એજન્સીઓએ પોતાના ટેન્ડર રજુ કરવાના રહેશે.

57. એજન્સીએ ઓન-લાઈન ટેન્ડરના ભાવ ભરી ત્યાર બાદ જરૂરી ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફટ, અર્નેસ્ટમની ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફટ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો નિયત સમય મર્યાદામાં રજુ કરવાના રહેશે. આમ નહી કરનાર એજન્સીને રાજકોટ મહાનગરપાલિકાના તમામ કામો માટે ત્રણ વર્ષ માટે ડીબાર કરવામાં આવશે.

58. દરેક એજન્સીએ લેબર લાયસન્સ તથા પ્રોવિડન્ટ ફંડ રજીસ્ટ્રેશન મેળવવું ફરજીયાત છે.

59. દરેક એજન્સીએ તેમના મજુર - વાલ્વમેન - સુપરવાઈઝરને હાજરી કાર્ડ ફરજીયાતપણે આપવાના રહેશે.

60. **દરેક એજન્સીએ તેમના મજુર - વાલ્વમેન - સુપરવાઈઝરને મીનીમમ વેજીસ એકટ મુજબનું વેતન ઈ.સી.એસ. દ્વારા ચૂકવવાનું રહેશે સરકારશ્રીના ડીઝીટલાઈઝેશનને પ્રોત્સાહનનાં ભાગરૂપે દરેક એજન્સીએ તેમના મજુર - વાલ્વમેન - સુપરવાઈઝરને દર મહીને ઈ.સી.એસ. દ્વારા વેતન ચુકવવા માટેના ધારાધોરણ અપનાવવાના રહેશે.**

61. ભાવ ભરનાર એજન્સીએ તેમની વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થયેલ નથી તે અંગેનું તથા કયાંય બ્લેક-લીસ્ટ કરવામાં આવેલ નથી તે અંગે સોગંદનામું સ્ટેમ્પ પેપર ઉપર કરી નોટરાઈઝ કરાવી ટેન્ડર સાથે રજુ કરવાના થતા જરૂરી દસ્તાવેજ સાથે જ રજુ કરવાનું રહેશે.એજન્સી એ ભરવાના થતા દરેક **વોર્ડ/ઝોન દીઠ અલગ અલગ રૂ.૩૦૦ નાં સ્ટેમ્પ પેપર** પર ઓરીજીનલ સોગંદનામું આપવાનું રહેશે.

62. ઝોનલ કામે એજન્સી પોતાના જે ભાવ ઓન-લાઈન રજુ કરશે તે ભાવો વધુ કે ઓછા જણાશે તો તેવા સંજોગોમાં તેનું રેઈટ એનાલીસીસ રજુ કરવા અત્રેથી જણાવવામાં આવશે જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને એજન્સીના આવેલ

ભાવ રજુ કરેલ રેઈટ એનાલીસીસ મુજબ યોગ્ય લાગશે તો જ સ્વીકારવામાં આવશે અન્યથા તેવી એજન્સીઓનાં ભાવ સ્વીકારવામાં આવશે નહિ. આ અંગે રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય એજન્સીને બંધનકર્તા રહેશે.

63. ઝોનલ કામે એજન્સીને મોબાઈલમાં એસ.એમ.એસ. તથા વોટ્સએપ દ્વારા કામ કરવા જણાવવામાં આવશે. જેને વર્ક ઓર્ડર ગણી એજન્સીએ તુરંત જ કામ ચાલુ કરી દેવાનું રહેશે. અન્યથા એસ.એમ.એસ. તથા વોટ્સએપનાં રેકર્ડ આધારિત પેનલ્ટી વસુલ કરવામાં આવશે તેમજ નિયમાનુસાર કાયર્વાહી કરવામાં આવશે.

64. પ્રોપ્રરાઈટરના નામનો કેઈસ થાય ત્યારે એજન્સીની સાથોસાથ પ્રોપ્રરાઈટર પણ બ્લેકલીસ્ટ થશે. એગ્રીમેન્ટ પૈકીના પ્રોપ્રરાઈટર અને તમામ પાર્ટનર બ્લેકલીસ્ટેડ ગણવામાં આવશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવતી વખતે પાર્ટનરશીપ ડીડ રજુ કરી વેરીફાઈ કરાવવાનુ હેશે.

65. **રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂર જણાયે મોબાઈલ એપ્લીકેશન ડેવલપ કારવામાં આવશે તથા તે અનુસાર એજન્સીએ દરેક કામનું ડોક્યુમેન્ટેશન અને ફોટોગ્રાફ્સની વિગતો રજુ કરવાની રહેશે.**

66. **એજન્સીએ ઓન-લાઈન ટેન્ડરના ભાવ ભરી ત્યારબાદ જરૂરી ટેન્ડર ફી અને અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ અન્ય જરૂરી દસ્તાવેજો નિયત સમય મર્યાદામાં રજુ કરવાના રહેશે. આમ નહિ કરનાર એજન્સીને રાજકોટ મહાનગરપાલિકાના તમામ કામો માટે ત્રણ વર્ષ માટે ડીબાર/બ્લેક-લીસ્ટ કરવામાં આવશે.**

67. **એજન્સીએ ઈ.પી.એફ. અને ઈ.એસ.આઈ.સી.ની વિગતો નિયત નમુના માં દર મહીને અત્રેની કચેરીમાં રજુ કરવાની રહેશે જેની તમામ જવાબદારી એજન્સીની રહેશે.**

68. ખોદાણ કામે નીકળેલ માટી, રબીશ, કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ વિગેરે સાઈટ એન્જીનીયર/ઇન્ચાર્જની સુચના મુજબના સ્થળે નિકાલ કરવાનો રહેશે.

આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ નીચે મુજબના સ્થળોએ જ નિકાલ કરવાનો રહેશે:

(૧) Beside Kotharia Police Station near Stone Quarry

(૨) All Quarry areas of Raiya Smart City

(૩) TP Scheme No.10, FP-87, Dhebar Road (South), Atika Area, Nr. PGVCL Office

(૪) TP Scheme No.23, FP-23, Nr. IOC Godown, Morbi Road

(૫) TP reservation plot at Samrat industrial Area, Bh. ST Workshop

(૬) TP Scheme No.9, FP-5, Nr. Raiyadhar Garbage Station

(૭) TP Scheme No.20, FP-35, Bh. Pradhuman Green

(૮) TP Scheme No.28 (Mavdi), FP-46/A, Nr. GETCO Circle

ઉક્ત બાબતેના જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખેલ છે. જેનો એજન્સીએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે આ કામોમાં વધારાની માટી, રબીશ, કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન વેસ્ટ વિગેરેનો નિકાલ કરવાની કામગીરી સદરહુ જાહેરનામા મુજબ ઇન્ચાર્જ દ્વારા સૂચવ્યા મુજબના સ્થળે કર્યા અંગેના આધાર એજન્સી દ્વારા રજુ કર્યા બાદ જ આ કામગીરી અંગેનું પેમેન્ટ કરવા કાર્યવાહી કરવામાં આવશે.

69. **ગંદા પાણીના જોબ કામમાં એક ખાડામાં તમામ દિવસ માટે એક જ જોબ આપવામાં આવશે. ખાડો ખુલ્લો રાખ્યે બીજા દિવસે બીજો જોબ આપવામાં આવશે નહિ પરંતુ જોઈન્ટ ખોલીને ચેક કરવા માટે જોબ આપવામાં આવેલનાં દિવસ પછીના તમામ પ્રયત્નવાળા દિવસ માટે જે તે જોબના ડાયા મુજબના ૫૦% રકમ આપવામાં આવશે.**

70. જરૂર જણાયે સરકારશ્રીના કાયદા મુજબ ટી.આઈ.એન. (ટીન નંબર) લેવાનો રહેશે.

71. કોન્ટ્રાકટરે તેમને સોપાયેલ વોર્ડના કામની સમજુતી મેળવવા, ચાલુ કરવા કે ચાલુ કામમાં પ્રોગ્રેસ બાબતે સાઈટ એન્જીનીયર સાથે ચર્ચા કરવા સુચના મુજબના સમયે હાજર રહેવાનું રહેશે. કોન્ટ્રાકટરશ્રીએ પોતાનો મોબાઈલ નંબર અવશ્ય જણાવવાનો રહેશે.

72. વોર્ડમાં પાઈપ લાઈનની રીપેરીંગ કામ પહેલા / દરિમયાન / પછી રીપેરીંગ કામની ચકાસણી માટે જરૂરી / લગત /

અસરકર્તા વિસ્તારના વાલ્વ ખોલ-બંધ કરવાની જવાબદારી રીપેરીંગ કામ કરનાર એજન્સીની રહેશે.

73. પાઈપ લાઈન રીપેરીંગ કામ દરિમયાન પાઈપ લાઈન ચોક – અપ જણાયે, એજન્સીએ કલીનીંગ રોડ / પાઈપ વિગેરે પ્રકારના જરૂરી સાધનો વાપરીને પાઈપ લાઈન ચોખ્ખી કરી આપવાની રહેશે.

74. પાણી વિતરણ દરમ્યાન ગંદા પાણી, ધીમા દબાણ વિગેરે પ્રકારની ફરીયાદોના ચેકિંગ દરિમયાન એજન્સીએ પાણી વિતરણ સમયે વોર્ડના સુપરવાઈઝરી સ્ટાફ સાથે હાજર રહેવાનું રહેશે.

75. માલ સામાનથી કે કામને કારણે રસ્તા, ઓપન ગટર, ગેસ પાઈપ લાઈન અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ, ઇલેક્ટ્રીસિટી વ્યવસ્થા ટેલીફોન કેબલ વિગેરે ખાનગી કે જાહેર માલ – મિલકતોને નુકશાન ન થાય, વાહન વ્યવહાર, રાહદારીને તકલીફ ન પડે તે માટે તથા ઓપન ગટર કે વોંકળાનાં વહેણને અવરોધ ઉભો ન થાય, તે જોવાની તથા તે માટે જરૂરી સાધન સામગ્રી જેવી કે સુચના બોર્ડ, આડસ, દીવાબત્તી કે વ્યક્તિની વ્યવસ્થા કરવાની જવાબદારી કોન્ટ્રાકટર ઉપર રહેશે. તેમજ કામગીરી દરમ્યાન / માટે ટ્રાફિક અંગેની તમામ વ્યવસ્થા માટે લગત ટ્રાફિક પોલીસ વિભાગ સાથે સંકલન કરી જરૂરી વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

76. કોન્ટ્રાકટરને સોપવામાં આવેલ કામની યોગ્ય ઝડપ નહી જણાયે કે નિયત સમયમાં પૂરું ન કરેલ હોવાનું જણાયે ધોરણર પેનલ્ટી વસુલ કરવામાં આવશે. આ બાબતનો પત્ર વ્યવહાર કોન્ટ્રાકટર સાથે સાદી પોસ્ટથી કે રાજકોટ મહાનગરપાલિકાના કમર્ચારી મારફતે કરી શકાશે જે નિયમાનુંસાર બજ્યા બરાબર ગણાશે.

77. રાજકોટ મહાનગરપાલિકાના સ્ટોરથી મેળવેલ માલના તમામ ડોક્યુમેન્ટસ તથા તેની નકલો જાળવવાની રહેશે તેમજ તે ડોક્યુમેન્ટસ વખતો વખત એન્જીનીયરશ્રીને પહોચતા કર્યા બાદ જ બીલ પેમેન્ટની કાર્યવાહી થઇ શકશે. લીધેલ માલ સામાનની રકમ બીલમાંથી બાદ કરવામાં આવશે. કામમાં જરૂરીયાતથી ઓછો વાપરેલ માલ સામાન જમા કરાવવાનો રહેશે અન્યથા બીલમાંથી કપાત કરવામાં આવશે.

78. કરારનામામાં કોન્ટ્રાકટરે નિયુકત કરેલ પ્રતિનિધિની નિયુકિતની વિગતો તથા મોબાઇલ નંબર અને બેંક નામ સહિતના કરન્ટ એકાઉન્ટના નંબર તેમજ પાન નંબરની વિગતો આપવાની રહેશે. કોન્ટ્રાકટરનું ચુકવવાનું થતુ પેમેન્ટ તેમના કરન્ટ બેંક એકાઉન્ટમાં સીધુ જમા કરવામાં આવશે.

79. વોટર વર્કસ નવા કામ પૂરું થયા બાદ સંબંધકર્તા કોન્ટ્રાકટરે સદરહુ કામ પૂરું થયાની તારીખથી ત્રણ માસ દરમ્યાન પાઈપ લાઈનનાં કોઈપણ પ્રકારની ભાંગ-તૂટ કે લીકેજ થશે તો તે ભાંગ-તૂટ કે લીકેજ કોન્ટ્રાકટરે કઈ પણ જાતના વળતર વગર તેના પ્પોતાના ખર્ચે દુરસ્ત કરી આપવાનું રહેશે.

80. કોન્ટ્રાકટરે બધો માલ પોતાના ખર્ચે સૂચિત સ્થળે લાવવાનો રહેશે. પાઈપ તથા સ્પેશયલ્સના ચડાવતા કે ઉતારતા કોઈ નુકશાની થશે તો તેને કોન્ટ્રાકટર પોતે જવાબદાર રહેશે.

81. દરેક પાઈપ તથા સ્પેશ્યલ્સ બરાબર સાફ કરેલ અને કોઈ પણ જાતની ખામી વગરના હોવા જોઈએ. જો તેમાં કોઈપણ જાતની ખામી જણાશે તો તે નામંજૂર કરવામાં આવશે જે તે કોન્ટ્રાકટર પોતાના ખર્ચે સાઈટ ઉપરથી દુર કરવાના રહેશે.

82. પાઈપો ટ્રેન્ચમાં ઉતરતા પેહલા તેનું ખોદાણ બરાબર કર્યા પછી ઉતારવાના રહેશે. ખોદાણનાં ટ્રેન્ચનાં લેવલ બરાબર એક સરખા ઢોળાવમાં તથા લેવલમાં હોવા જોઈએ. પાઈપો ટ્રેન્ચમાં નાંખતી વખતે પાઈપ તૂટી ન જાય તે માટે બરાબર સંભાળ રાખવાની રહેશે.

83. વાલ્વ તથા ટી વિગેરે જ્યાં સુચવવામાં આવે ત્યાં ફીટ કરી આપવાના રહેશે.

84. પાઇપ લાઇન નંખાય ગયે તેનું વધારેમાં વધારે હેડ ટેસ્ટીંગ કોન્ટ્રાકટરે તેના પોતાના ખર્ચે કરી આપવાનો રહેશે. સદરહુ ટેસ્ટીંગ દરમ્યાન લીકેજ કે પાઇપ ખામીવાળા જણાશે તો તે કોન્ટ્રાકટરે તેના પોતાના ખર્ચે તૈયાર કરી ટેસ્ટીંગ આપવાનું રહેશે.

85. પાર્ટ – એ માલ મટીરીયલમાં સમાવેશ કરેલ તમામ ભાવો સેન્ટ્રલ સ્ટોર્સ (એન્જી.) ના રેઇટ કોન્ટ્રાકટ સને ૨૦૨૩-૨૪ મુજબના છે. જે એસ્ટીમેટ બનાવવા માટે બેઇઝ તરીકે લેવાના રહેશે. વોટર વકર્સ કામો માટે વાપરવાના થતા વોટર વર્કસ મટીરીયલ પૈકી એ.સી. પ્રેશર પાઇપ, સી.આઇ. પાઇપ, સી.આઇ.સ્લુઝ વાલ્વની આઇટમો એન્જીનીયરીંગ સ્ટોરમાંથી મેળવીને જ વાપરવાની રહેશે. આ આઇટમો કોન્ટ્રાકટર સપ્લાય કરી શકશે નહી જે સિવાયની આઇટમો

સામાન્ય સંજોગોમાં વર્કસના એસ્ટીમેટના પાર્ટ–એ માં દર્શાવેલ મટીરીયલ એન્જીનીયરીંગ સ્ટોરમાંથી મેળવવાનું રહેશે. સંજોગવસાત આ મટીરીયલ સ્ટોરમાંથી ઉપલબ્ધ ન થાય, તો તે કોન્ટ્રાકટરશ્રીએ જાતે લાવવાનું રહેશે. આ જ પ્રમાણે ઇમરજન્સી કામો માટે નાયબ કાયર્પાલક ઇજનેરશ્રીની સચના મુજબ તાત્કાલિક ઉપયોગમાં લેવાના થતા મટીરીયલની પણ કોન્ટ્રાકટરશ્રીએ જાતે વ્યવસ્થા કરવાની રહેશે. આ પ્રકારે કોન્ટ્રાકટરશ્રીએ સપ્લાય કરેલ મટીરીયલને એસ્ટીમેટ પાર્ટ – બી માં સમાવિષ્ટ કરવાનું રહેશે. અને આ પાર્ટ – બી ની રકમ ઉપર કોન્ટ્રાકટરના મંજુર થયેલ અપ – ડાઉન પર્સન્ટેઇજની અસર આપી કોન્ટ્રાકટરને ચુકવવામાં આવશે.

86. કોઇપણ કામનું લેબોરેટરી ટેસ્ટીંગ કરવાની જરૂરત જણાય તો તે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે વ્યવસ્થા ગોઠવી કરાવી આપવાનું રહેશે.
87. અન્ય તમામ શર્તો તથા સ્પેસીફીકેશન પી.ડબલ્યુ.ડી/જી.ડબલ્યુ.એસ.એસ.બી. ના સ્પેસીફીકેશન તથા શરતો મુજબ સમજવાના રહેશે.
88. રાજકોટ મહાનગરપાલિકાના કોઇ પણ વોર્ડમાં, કંટ્રોલરૂમમાં કે અન્ય કારણોસર માણસોની જયારે જયારે જરૂરીયાત જણાશે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના લગત વોર્ડ/વિસ્તારના એન્જીનીયરશ્રીની સચના મુજબની સંખ્યામાં માણસો, સંબંધીત એજન્સી/ કોન્ટ્રાકટરે પુરા પાડવાના રહેશે જેનુ ચુકવણું સરકારશ્રીના પ્રવતર્માન રોજના દર ઉપરાંત ૧૫ ટકા વધુ એ મુજબના દરે ચુકવવામાં આવશે. રોજમદાર પાસે આઠ કલાક કામગીરી લેવામાં આવશે. ચાર કલાક સુધીની કામગીરી માટે અડધા રોજ મુજબનો દર ચુકવવામાં આવશે. તેમજ આ મજુર પાસે અન્ય વોર્ડમાં પણ કામ કરાવી શકાશે.
89. સબંધીત એજન્સી/ કોન્ટ્રાકટરે રાજકોટ મહાનગરપાલિકાના હદ વિસ્તાર બહારના ઝોન માટે ૨૪ કલાક માણસોની તથા વાહનની વ્યવસ્થા રાખવાની છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વાહનોની કોઇ વ્યવસ્થા કરી આપવામાં આવશે નહી. તેમજ આ મજુર પાસે અન્ય વોર્ડમાં પણ કામ કરાવી શકશે.
90. રાજકોટ મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રીને યોગ્ય જણાયે, એક કે તેથી વધુ વોર્ડની કામગીરી એક એજન્સીને સુપ્રત કરી શકશે.
91. આ કામે એજન્સીના કર્મચારીઓને રાજકોટ મહાનગરપાલિકા તરફથી કોઇપણ જાતના પકડ, પાના કે અન્ય કોઇ સાધન સામગ્રી આપવામાં આવશે નહી એજન્સીએ આવા સાધનો સ્વખર્ચે વસાવવાના રહેશે.
92. કોન્ટ્રાકટનાં સમયગાળા દરમ્યાન કોઇ પણ પ્રકારનો ભાવ વધારો મળશે નહી તેવી સ્પષ્ટ સમજ સાથે ભાવ ભરવા.
93. એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં કામગીરી માટે ફાળવવામાં આવેલ કર્મચારી પાસેથી એક દિવસમાં આઠ કલાકથી વધુ કામ લઇ શકાશે નહી અથવા વધારાની કામગીરી માટે એજન્સી આવા કર્મચારીઓને સરકારશ્રીનાં ધારાધોરણ અનસાર મહેનતાણું આપવાનું રહેશે.
94. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવેલ કર્મચારીઓએ સબંધિત વોર્ડ ખાતેના રાજકોટ મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીનાં નિયંત્રણ હેઠળ કામગીરી કરવાની રહેશે.
95. એજન્સી દ્વારા રાજકોટ મહાનગરપાલિકામાં કામગીરી માટે રોકવામાં આવેલ તમામ કર્મચારીના ફોટા, ઉમર, શૈક્ષણિક લાયકાત, રહેણાકના આધારો સાથે સંપૂર્ણ બાયોડેટા રાજકોટ મહાનગરપાલિકા નીયત કરે તે નમૂનામાં વખતો-વખત રજુ કરવાનો રહેશે.
96. એજન્સીના કર્મચારીની ગફલત કે અપ્રમાણીકતાને લીધે ચોરી કે ઉઠાંતરી થાય અને તેને લીધે રાજકોટ મહાનગરપાલિકાને આર્થિક કે અન્ય કોઈ પણ પ્રકારનું નુકશાન થાય તો તે અંગેનું તમામ વળતર એજન્સીએ ભરપાઈ કરી આપવાનું રહેશે. એજન્સીના કોઈ પણ કર્મચારીની કાયદા વિરુદ્ધની કોઈ કામગીરી / વતર્ન બાબતે તમામ જવાબદારી એજન્સીની રહેશે.
97. એજન્સીના કર્મચારીની ક્ષતિ બાબતે રાજકોટ મહાનગરપાલિકાની કોઈ કાનુંની જવાબદારી થશે નહિ એજન્સી પોતે તે માટે જવાબદાર થશે.
98. ફરિયાદ નોંધવા માટે કોન્ટ્રાકટરશ્રીએ સુપરવાઈઝર રાખવાનો રહેશે અને સુપરવાઇઝરને ફોન આપવાનો રહેશે રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ સ્ટાફ પાસે જે સર્વિસ પ્રોવાઇડરનાં ફોન હોય, તે સિવર્સ પ્રોવાઇડરનાં ફોન રાખવાના રહેશે

અને જે ફોન ૨૪ કલાક ચાલુ રાખવાનો રહેશે આવેલ ફરીયાદનું રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુચવવામાં આવે તે પ્રકારના ફોરમેટમાં રજીસ્ટર નિભાવવાનું રહેશે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કોલ સેન્ટર તથા વોટર-વર્કસ કંટ્રોલ રૂમમાંથી SMS થી ફરીયાદો મોકલવામાં આવશે અને તે ફરીયાદો નિકાલ કરી SMS થી જવાબ કરવાનો રહેશે અને રાજકોટ મહાનગરપાલિકાનાં દ્વારા જણાવવામાં આવે તે પમ્પીંગ સ્ટેશન કે વોટર-વર્કસની વોર્ડની ઓફિસે સુપરવાઇઝરની બેઠક વ્યવસ્થા રાખવાની રહેશે.

99. એજન્સી દ્વારા એક વખત ભાવ રજુ થયા બાદ તેમાં એજન્સીની સમજફેર કે શરતચુકને કારણે ભાવમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી. એજન્સીએ ૧૦% જેટલો વધારાનો (રીઝર્વ) મેનપાવર સ્વખર્ચે રાખવાનો રહેશે.

100. પોલીસ કમિશ્નરશ્રીનાં પરિપત્ર મુજબ કોન્ટ્રાકટ એજન્સી સાથે કામ કરતા મજુર વિગેરે તમામ સ્ટાફના આઈ.ડી. કોન્ટ્રાકટ એજન્સીએ સુચના મુજબની ઓફીસમાં રજુ કરવાના રહેશે.

101. રાજકોટ મહાનગરપાલિકા એસ.ઓ.આર. સિવાયની આઈટમોનાં કામો માર્કેટનાં ભાવે કરી આપવાના રહેશે.

102. વોર્ડમાં આવેલ કલોઝડ સોસાયટીમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સોસાયટીના પાઈપ લાઈન નેટવર્કમાં પાણી વિતરણ કરવામાં આવે છે. પરંતુ હાલમાં પાઈપ લાઈન નેટવર્કનું મેઇન્ટેનન્સ તથા રીપેરીંગ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. આ પ્રકારની કલોઝડ સોસાયટીમાં પાઈપ લાઈન રીપેરીંગ કરવાની સોસાયટી દ્વારા રજૂઆત મળ્યે એજન્સીએ સોસાયટીનાં ખર્ચે રીપેરીંગ કરવાનું રહેશે રીપેરીંગ માટે જરૂરી મટીરીયલ્સ સોસાયટીએ પુરા પાડવાના રહેશે. રીપેરીંગનું મજુરી કામ નીચે મુજબ એજન્સીએ સોસાયટી પાસે પરભારે મેળવવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | ૧૫ મી.મી. કનેકશન રીપેરીંગ / ફલશ વિગેરે કામગીરી | રૂ.૨૮૯/- પ્રતિ કનેકશન |
| ૨ | ૫૦ – ૮૦ મી.મી. પાઈપ લાઈન (તમામ પ્રકાર) | રૂ.૧૫૪ + ૨૮૯ /- = ૨૨૧.૫૦ પ્રતિ જોબ |
| ૩ | ૧૦૦ મી.મી. | રૂ.૩૦૦/- પ્રતિ જોબ |
| ૪ | ૧૫૦ મી.મી. | રૂ.૩૭૨/- પ્રતિ જોબ |
| ૫ | ૨૦૦ મી.મી. | રૂ.૫૩૧/- પ્રતિ જોબ |
| ૬ | ૨૫૦ મી.મી. | રૂ.૭૫૮/- પ્રતિ જોબ |
| ૭ | ૩૦૦ મી.મી. | રૂ.૯૬૦/- પ્રતિ જોબ |

103. કાયદાકીય ન્યાયનું ક્ષેત્ર ફકત રાજકોટ શહેર જ રહેશે. જે એજન્સીઓને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગુનાહિત બેદરકારી સબબ નોટીસ આપવામાં આવેલ હોય કે પોલીસ ફરીયાદ દાખલ કરાવવામાં આવેલ હોય તેવી એજન્સીઓ તેમજ તેવી એજન્સીઓની પ્રોપ્રાઈટરશીપ ધરાવતા કોન્ટ્રાકટરશ્રીઓની અન્ય એજન્સીઓ રાજકોટ મહાનગરપાલિકાના ઝોનલ ટેન્ડર કામોમાં ભાગ લઈ શકશે નહિ.

104. કોન્ટ્રાકટરે તેમને સોંપાયેલ વોર્ડની કામગીરી દરમ્યાન સેન્ટ્રલ સ્ટોર (એન્જી.) માંથી મેળવેલ વાલ્વનું ફીટીંગ કર્યા બાદ વાલ્વના બોડી નબર સ્પષ્ટ વાંચી શકાય તે રીતેનો ફોટોગ્રાફ તેમજ તેમને ઇસ્યુ થયેલ વાલ્વનું ફીટીંગ સાઈટ પર થયેલ છે તે મતલબનું પ્રમાણ પત્ર બીલની માંગણી સાથે રજુ કર્યા બાદ જ આ કામનું ચુકવણું કરવામાં આવશે.

105. ઈમરજન્સીનાં કિસ્સામાં કે સ્ટોરમાં વાલ્વ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં અન્ય વોર્ડમાં વાલ્વ ઉપલબ્ધ હોય તો સદરહુ વાલ્વ સ્ટોરમાં પરત જમા કરાવી પુનઃ જે તે વોર્ડ માટે ઇન્ડેન્ટ આપીને લેવાના રહેશે.

106. વાલ્વ તથા રોડના ભાવ એસ.ઓ.આર.માં દશાર્વવામાં આવેલ છે.

107. કામની અગત્યતાને ધ્યાને લઇ કોન્ટ્રાકટરશ્રી નિયત સમય મયાર્દામાં કામ પૂર્ણ ના કરે તો ટેન્ડરની શરતો અનુસાર પેનલ્ટી વસુલવામાં આવશે

DEE DEE DEE DEE DEE DEE

CITY ENGINEER CITY ENGINEER CITY ENGINEER
EAST ZONE RMC CENTRAL ZONE RMC WEST ZONE RMC

ઉકત શરતો તેમજ સમજૂતી અમે વાંચી છે. અને આ અંગે અમોએ સમજી વિચારીને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે શેડયુલ ઓફ રેઈટસ જે મંજુર થયેલ છે તે મુજબ ૨૦૨૫-૨૦૨૬ નાં વર્ષ માટેના ડ્રેનેજ ઝોનલ કામો કરવા બંધાઈએ છીએ. આ ઝોનલ કામની શરતો અને સમજૂતીને કરારનામાનો ભાગ ગણવાનો રહેશે. તે મુજબ અમે કામ કરવા સહમત છીએ.

સ્થળ :- રાજકોટ

તારીખ :- કોન્ટ્રાકટરની સહી

## :: કોન્ટ્રાકટર ને ખાસ સુચના ::

1. પોલીસ કમિશ્નરના પરિપત્ર મુજબ કોન્ટ્રાકટર/એજન્સી સાથે કામ કરતા મજૂર વિ. તમામ સ્ટાફના આઈ.ડી. કોન્ટ્રાકટ એજન્સીએ સચના મુજબની ઓફીસમાં રજૂ કરવાના રહેશે.
2. રાજકોટ મહાનગરપાલિકાનાં એસ.ઓ.આર. સિવાયની આઈટમોનાં કામો માર્કેટના ભાવે કરી આપવાના રહેશે.
3. સામાન્ય સંજોગોમાં એક એજન્સીને મેશનરી / રસ્તા / ડ્રેનેજ / વોટર વકર્સ તમામ મળી કુલ ૬૬ ઝોનલ કામ પૈકીના ફક્ત એક જ ઝોનલ કામ માટે કોન્ટ્રાકટ આપવામાં આવશે. દરેક એજન્સી ટેન્ડરના ક્રાયટેરીયા મુજબ તમામ ઝોનલ કામોના ભાવો ભરી શકશે. એજન્સી દ્વારા ભરવામાં આવેલ ભાવો પૈકી એક કરતાં વધુ કામો માટે L1 એજન્સી તરીકે આવે તેવા કિસ્સામાં એજન્સી પોતાની પસંદગીના કામ માટે કોઈ એક ઝોન /વોર્ડ રાખી શકશે. આમ છતાં, જરૂર જણાયે એક કોન્ટ્રાકટ એજન્સીને એકથી વધુ ઝોન/વોર્ડનો કોન્ટ્રાકટ(મહત્તમ બે વોર્ડ/ઝોન ની મર્યાદામાં) આપવા મહાનગરપાલિકા નિણર્ય લઈ શકશે. એક કોન્ટ્રાકટરશ્રીને એક ઝોન/વોર્ડનું કામ આપવામાં આવશે. આમ છતાં, કમિશ્નરશ્રી-રાજકોટ મહાનગરપાલિકા નિણર્ય લઈ શકાશે જે આખરી રહેશે.
4. જે તે વોર્ડમાં આવેલ રાજકોટ મહાનગરપાલિકાની તમામ સાઈટો પર તેમજ જો કોઈ રાજકોટ મહાનગરપાલિકાની સાઈટ હદ બહાર હોય તો તેને લાગુ નજીકના વોર્ડમાં વોર્ડના કોન્ટ્રાકટરશ્રી દ્વારા તેઓના મંજુર થયેલ ભાવથી કામગીરી કરવાની રહેશે. વોર્ડ તથા તેને લાગુ વિસ્તારમાં પણ કામગીરી કરી આપવાની રહેશે.
5. એજન્સીએ જી.એસ.ટી. (G.S.T.) વગર તથા અન્ય ટેકસ સહીત પોતાના ભાવ ભરવાના રહેશે. કોન્ટ્રાકટર દ્વારા તે મુજબ જી.એસ.ટી. બ્રેક-અપ સાથેનુ ઇનવોઈસ રજુ કરવામાં નહી આવે તો સદરહુ ટેકસ કોન્ટ્રાકટરશ્રીના બીલ માંથી કપાત કરી જમા કરવામાં આવશે.

   આ ટેન્ડર કામે ખરીદવાનું થતુ મટીરીયલ એજન્સીએ જી.એસ.ટી.(G.S.T.) નંબર ધરાવતા હોય તેવા રજીસ્ટર્ડ સપ્લાયર પાસેથી જ મટીરીયલ ખરીદ કરવાનું રહેશે.
6. જે એજન્સી ઝોનલ કામે બ્લેક-લીસ્ટ થયેલ હશે તેવી એજન્સી આ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટેના ઝોનલ કામે પોતાના ભાવ ભરી / ટેન્ડર રજુ કરી શકશે નહી. તેમ છતાં બ્લેક-લીસ્ટ થયેલ એજન્સી ટેન્ડર / ભાવ રજુ કરશે તો તેવી એજન્સીને ડીસક્વોલીફાઈડ ગણી ભાવ ખોલવામાં આવશે નહી. તથા તેઓ દ્વારા ભરેલ EMD ની રકમ જપ્તકરવામાં આવશે.
7. માર્કેટમાંથી મળતી સ્ટાન્ડર્ડ આઈટમોનો ઉપયોગ કામમાં કરવાનો થતો હોય, તેથી તેના બીલ અત્રેની કચેરીએ રજુ કરવાના રહેશે.
8. **ટેન્ડર ફી પ્રતિ ઝોન માટે રૂ.૩૦૦૦/- છે** એક કરતા વધુ ઝોન માટે આપવામાં આવતી ઓફર માટે તેના ગુણાંકમા ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફટ કાઢાવીને તેના નંબર nProcure માં ઓનલાઇન રજુ કરવાના રહેશે.

   <u>**દા.ત.**</u> કોઇ એજન્સી ત્રણ ઝોન/વોર્ડમાં ઓફર રજુ કરવા ઈચ્છુક હોય તો તેમણે ટેન્ડર ફી રૂ.૩૦૦૦ X ૩ મુજબ કુલ રૂ.૯૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફટ કઢાવી રજુ કરવાનો રહેશે. જો એજન્સી દ્વારા એક કરતા વધુ ઝોન/વોર્ડ માટે ઓફર રજુ કરેલ હોય અને તેના પ્રમાણમાં ટેન્ડર ફી ભરેલ ન હોય તો તેવા કિસ્સામાં જે ઝોન માટે ક્રમાનુસાર ન્યુનત્તમ ઓફર રજુ કરેલ હશે તે માન્ય રાખવામાં આવશે અને બાકીના ઝોન માટેની ઓફર નોન – રિસ્પોન્સિવ ગણવામાં આવશે.

   <u>**દા.ત.**</u> એજન્સી દ્વારા કુલ ૪ ઝોન/વોર્ડ માટે ઓફર રજુ કરેલ છે જેની કુલ ટેન્ડર ફી રૂ.૧૨૦૦૦/- ભરવાના થાય.

   | ઝોન નંબર | ઓફર |
   |---|---|
   | ૩ | ૧૦% ઓછા |
   | ૮ | ૧૨% વધુ |
   | ૯ | ૮% ઓછા |
   | ૧૮ | ૨૦% વધુ |

   અને એજન્સી દ્વારા માત્ર બે ટેન્ડર માટે રૂ.૬૦૦૦/- ટેન્ડર ફી ભરેલ હોય તો તેવા કિસ્સામાં ન્યુનત્તમ ભરેલ ભાવ મુજબ ક્રમાનુસાર ઝોન નં. ૩ તથા ૯ જેમા ન્યુનત્તમ ઓફર ૧૦% અને ૮% છે તે ધ્યાને લેવામાં આવશે તેમજ ઝોન નં. ૮

તથા ૧૮ માટેના ટેન્ડર નોન-રિસ્પોન્સિવ ગણવામાં આવશે.(L1 ક્રમાનુસાર ભાવ વોર્ડ/ઝોન ધ્યાને લેવાશે.)

9. બીડ ડીપોઝીટ **(ઇ.એમ.ડી.) પ્રતિ ઝોન માટે રૂ.૧,૦૦,૦૦૦/- છે** એક કરતા વધુ ઝોન માટે આપવામાં આવતી ઓફર માટે તેનાં ગુણાંકમા ઇ.એમ.ડી. નો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવીને તેના નંબર nProcure માં ઓનલાઇન રજુ કરવાના રહેશે.
   <u>**દા.ત.**</u> કોઇ એજન્સી ૪ ઝોનમાં ઓફર રજુ કરવા ઈચ્છુક હોય તો તેમણે ઇ.એમ.ડી. રૂ.૧,૦૦,૦૦૦ X ૪ મુજબ કુલ રૂ.૪,૦૦,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી રજુ કરવાનો રહેશે.
   જો એજન્સી દ્વારા એક કરતા વધુ ઝોન માટે ઓફર રજુ કરેલ હોય અને તેના પ્રમાણમાં ઇ.એમ.ડી. ભરેલ ન હોય તો તેવા કિસ્સામાં જે ઝોન માટે ક્રમાનુસાર ન્યુનત્તમ ઓફર રજુ કરેલ હશે તે માન્ય રાખવામાં આવશે અને બાકીના ઝોન માટેની ઓફર નોન-રિસ્પોન્સિવ ગણવામાં આવશે.
   <u>**દા.ત.**</u> એજન્સી દ્વારા ૩ ઝોન માટે ઓફર રજુ કરેલ છે જેની કુલ ઇ.એમ.ડી. રૂ.૩,૦૦,૦૦૦/- ભરવાના થાય.

| ઝોન નંબર | ઓફર |
|---|---|
| ૨ | ૫% વધુ |
| ૧૦ | ૧% ઓછા |
| ૧૫ | ૧૦% ઓછા |

   અને એજન્સી દ્વારા માત્ર રૂ.૨,૦૦,૦૦૦/- ઈ.એમ.ડી. ભરેલ હોય તો તેવા કિસ્સામાં ન્યુનત્તમ ભરેલ ભાવ મુજબ ક્રમાનુસાર ઝોન નં.૧૫ ૧૦% ઓછા તથા ઝોન નં.૧૦ માટે ૧% ઓછા ધ્યાને લેવામાં આવશે તેમજ ઝોન નં.૨ ની ઓફર નોન-રિસ્પોન્સિવ ગણવામાં આવશે.

10. રસ્તાકામમાં ખોદાણ વખતે આસ્ફાલ્ટ/કોન્ક્રીટ તોડવાનું કામ જે.સી.બી. કે બ્રેકરને બદલે આસ્ફાલ્ટ / કોન્ક્રીટ કટરથી કટિંગ કર્યા પછીજ જે.સી.બી. કે માણસોથી ખોદાણ કરવાનું રહેશે. આ માટે કોઈ અલગથી ભાવ આપવામાં આવશે નહિ. ડામર તોડ કામનો ભાવ જ આપવામાં આવશે. જેથી આસપાસનાં ડામર/કોન્ક્રીટને નુકશાન થાય નહિ તેમજ સીધી લાઈનમાં ખોદાણ કરી શકાય.
11. એજન્સીએ CUBD મોબાઈલ એપ્લીકેશનમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તેમજ આ એપ્લીકેશનમાં ખોદાણ ચાલુ કર્યાનાં ૨૪/૪૮ કલાક અગાઉ જરૂરી વિગતો અપલોડ કરવાની રહેશે. આ બાબતનો ચુસ્ત અમલ કરવાનો રહેશે. તેમાં ચૂક થયે હયાત યુટીલીટીઝને કોઈ પણ પ્રકારની નુકશાન થશે તો તેનો ખર્ચ/દંડની ભરપાઈ એજન્સીએ કરવાની રહેશે.
12. ખોદાણ કામ શરુ કર્યા પહેલા લાગત એજન્સીએ ઇન્ચાર્જ એન્જીનીયરશ્રી ને જાણ કરવાની રહેશે. તેની વિગતો શહેર ટ્રાફિક પોલીસને એડવાન્સમાં મોકલવાની રહેશે. તેમાં ચૂક થયે આ અંગેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. જેમાં રાજકોટ મહાનાગરપલીકાને કોઈ પણ સંજોગોમાં પક્ષકાર બનાવવામાં આવશે નહિ.
13. **L1 થયેલ એજન્સીને જે કોઈ પણ એક કે બે વોર્ડ મળ્યેથી બાકી રહેતા વોર્ડમાં જે તે વોર્ડનાં L2 કે L3ને તે વોર્ડનાં L1 એજન્સીના ભાવથી સમજુતી કરી તે વોર્ડ/ઝોન આપી શકાશે.**
14. **વોર્ડ/ઝોન દીઠ ક્વોલીફાઈડ ઝોનલ એજન્સી એ સાઈટ પર સાઈટ સુપરવાઈઝર તરીકે ડીપ્લોમાં એન્જીનીયર(સિવિલ) તરીકેની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યક્તિને ફરજીયાત રાખવો પડશે. જેની વિગતો (સર્ટીફીકેટ, એક્સપીરીયન્સ વિ.) એગ્રીમેન્ટ સમયે રજુ કરવાની રહેશે તેમજ તેમના રાજીનામાં આપતા પેહલા દિન-૦૭ માં અત્રેની કચેરી ને લેખિત જાણ કરવાની રહેશે. જેનો ફરજીયાત અમાલ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર કંડીશન મુજબ એજન્સી પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.**
15. **સામાન્ય સંજોગોમાં એક એજન્સી ને એક જ ઝોન આપવામાં આવશે. કોઈ એક એજન્સી વધુમાં વધુ એક ઝોન (મેશાનરી,રસ્તા,ડ્રેનેજ,વોટર વર્કસ) માટે ત્રણ વોર્ડ માટે જ ભાવ રજુ કરી શકશે તેમજ મેશાનરી, રસ્તા, ડ્રેનેજ, વોટર વર્કસ એમ ચારેય ઝોનમાં કુલ મળીને ૮ વોર્ડમાં ભાવ રજુ કરી શકશે. કુલ ૬૬ ઝોન/વોર્ડ/બીડ પૈકી ૮ વોર્ડ/ઝોન/બીડ કર્તા વધુ બીસ થયેલ જણાશે તો તેવી એજન્સીને ડીસ્કવોલીફાય ગણી તેઓની એકપણ પ્રાઈસ-બીડ ખોલવામાં આવશે**

નહિ.

16. વોટર વર્કસ શાખાના પાઇપ્લાઇન રીપેરીંગની કામગીરી દરમ્યાન વાલ્વ રીપેરીંગ માટે અલગથી ચૂકવણું કરવામાં આવશે નહિ.
17. વાર્ષિક ઝોનલ કામે સિક્યુરીટી ડીપોઝીટ ફક્ત વોટર વર્કસ ઝોનલ કામની એજન્સી માટે ૩-માસ બાદ પરત આપવામાં આવશે અન્ય ઝોનલ જેવા કે મેશનરી, રસ્તા અને ડ્રેનેજ માટે ૬-માસ બાદ પરત આપવામાં આવશે.
18. વોટરવર્કસ ઝોનલ કામે વાલ્વ રીપેરીંગ સમયે મુખ્ય પા.લા.નાં વાલ્વ, વાલ્વ ખોલ-બંધ કરનાર એજન્સી એ અને પેટા પા.લા.નાં વાલ્વ વોટરવર્કસ રીપેરીંગ કામની એજન્સી દ્વારા કરવામાં આવશે.

DEE DEE

CITY ENGINEER
EAST ZONE RMC

DEE DEE

CITY ENGINEER
CENTRAL ZONE RMC

DEE DEE

CITY ENGINEER
WEST ZONE RMC

# :: એપેન્ડીક્સ ::

(રૂ.૩૦૦/- નાં સ્ટેમ્પ પેપર ઉપર - નોટરાઈઝડ કરેલ)

**:: સોગંદનામુ ::**

હું/અમો ........................................................................................... આથી જાહેર કરુ છુ / કરીએ છીએ કે ભારત સરકાર / ગુજરાત સરકાર અથવા અન્ય રાજય બોર્ડ / કોર્પોરેશન દ્વારા અમો/અમારી કંપની ને બ્લેક-લીસ્ટ કરવામાં આવેલ નથી અને કંપની / સંસ્થાની શરૂઆતથી જ કોઈ પણ ઇન્કવાયરી / કેસ પેન્ડીંગ નથી. વધુમાં મારી/અમારી વિરૃદ્ધ કોઈ પ્રકારની પોલીસ ફિરયાદ થયેલ નથી. સદરહુ કામે રજુ કરેલા વેરીફાય કરાવવાના થતા તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ સાચા છે.

આથી હું / અમો ફરી ખાત્રી આપું છુ /છીએ કે ઉપરોકત સોગંદનામુ ખોટુ / અસત્ય અથવા ગેરમાર્ગે દોરનાર સાબીત થશે તો મારૂ / અમારૂ ટેન્ડર રદબાતલ ગણાશે.

તારીખ :

સ્થળ :

સંસ્થા/કંપનીના અધિકૃત વ્યક્તિની

સહી

તથા સીકકો.

**Rajkot Municipal Corporation**

**:: PRICE SCHEDULE::**

**Contract for ZONAL DRAINAGE WORKS in Rajkot Municipal Corporation**

નીચે દર્શાવેલ કોષ્ટક માત્ર નમુનો છે કોન્ટ્રાકટરે/એજન્સીએ ફક્ત અને ફક્ત NPROCURE વેબસાઈટ પર જઈને ઓનલાઈન ભાવ જ ભરવાના છે.

| Zone No | Name of work | Select | Percentage rate Quoted |
|---|---|---|---|
| 1 | Ward No.1 | Equal / Above / Below | To be quoted online only |
| 2 | Ward No.2 | Equal / Above / Below | To be quoted online only |
| 3 | Ward No.3 | Equal / Above / Below | To be quoted online only |
| 4 | Ward No.4 | Equal / Above / Below | To be quoted online only |
| 5 | Ward No.5 | Equal / Above / Below | To be quoted online only |
| 6 | Ward No.6 | Equal / Above / Below | To be quoted online only |
| 7 | Ward No.7 | Equal / Above / Below | To be quoted online only |
| 8 | Ward No.8 | Equal / Above / Below | To be quoted online only |
| 9 | Ward No.9 | Equal / Above / Below | To be quoted online only |
| 10 | Ward No.10 | Equal / Above / Below | To be quoted online only |
| 11 | Ward No.11 | Equal / Above / Below | To be quoted online only |
| 12 | Ward No.12 | Equal / Above / Below | To be quoted online only |
| 13 | Ward No.13 | Equal / Above / Below | To be quoted online only |
| 14 | Ward No.14 | Equal / Above / Below | To be quoted online only |
| 15 | Ward No.15 | Equal / Above / Below | To be quoted online only |
| 16 | Ward No.16 | Equal / Above / Below | To be quoted online only |
| 17 | Ward No.17 | Equal / Above / Below | To be quoted online only |
| 18 | Ward No.18 | Equal / Above / Below | To be quoted online only |

DEE DEE DEE DEE DEE DEE

CITY ENGINEER
EAST ZONE RMC

CITY ENGINEER
CENTRAL ZONE RMC

CITY ENGINEER
WEST ZONE RMC

## Rajkot Municipal Corporation

## :: ANNEXURE ::

| ક્રમ નં | વિષય | પરિપત્ર/હુકમ નં અને તારીખ |
|---|---|---|
| ૧ | મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટનાં ધોરણો અનુસારવા અંગેનો હુકમ | આર.એમ,સી./સી./વીજી.(ટેક.)/જા.નં ૨૩૧ તા.૧૧/03/૨૦૨૨ |
| ૨ | ઈ-ટેન્ડર/ ઓપન ટેન્ડર પદ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે બીનઅધિકૃત રજુ થતા ડોક્યુમેન્ટસ સામે કડક કાયર્વાહી હાથ ધરવા બાબત | આર.એમ,સી./સી./૧૩૨ તા.૧૦/૦૬/૨૦૧૩ |
| 3 | ફીઝીકલ સબમીશનમાં રજુ થતા ડોક્યુમેન્ટસ અંગેનો પિરપત્ર | આર.એમ.સી./સી./૩૨૯ તા.૨૨/૧૨/૨૦૧૨ |
| ૪ | મજુરોના રજીસ્ટ્રેશન અંગેનો પોલીસ કમિશ્નરશ્રીનો હુકમ | પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ક્રમાંક: એસ.બી/મજુર/જાહેરનામું/૧૬૭૯ એપ્રિલ ૨૦૧૪ |
| ૫ | વેન્ડર રજીસ્ટ્રેશન જી.એસ.ટી નં અપડેટ કરવા બાબત | રા.મ.ન.પા/હિસાબી/જા.નં.૪૨૧ તા.૧૬/૦૬/૨૦૧૭ |
| ૬ | કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ નિકાલ માટેના સ્થળો અંગેનું તથા દંડ અંગેનું જાહેરનામું | રા.મ.ન.પા/મ.ઝો./સો.વે.મે./જા.નં.૧૪૩૬ તા.૦૫/૦૫/૨૦૨૨ |
| ૭ | કરારનામામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાય કરાવવા બાબત | સુપ્રી. ઓફ સ્ટેમ્પ્સની કચેરી નં સ્ટેમ્પ-અશન-૨૯૯-૨૦૦૯/૪૮૧૮ |
| ૮ | સ્ટેમ્પ ડયુટી લેવા બાબત | સુપ્રી. ઓફ સ્ટેમ્પ્સની કચેરી નં સ્ટેમ્પ-અશન-૧૪-૨૦૦૭/૯૩૯ તા.૦૫/૦૨/૦૭ |
| ૯ | પાર્ટી/વેન્ડર રજીસ્ટ્રેશન ફોર્મ | - |
| ૧૦ | તા.૦૧/૧૦/૨૦૧૮થી જી.એસ.ટી, ટી.ડી.એસ ની કપાત બાબત | રા.મ.ન.પા/હિસાબી/જા.નં. ૧૬૧૭ તા.૧૦/૦૯/૨૦૧૮ |
| ૧૧ | ઈ.પી.એફ યોજના અંતગર્ત આપવાની થતી માહિતી | રા.મ.ન.પા/લીગલ /જા.નં. ૧૫૭૧ તા.૦૨/૧૨/૨૦૧૦ |
| ૧૨ | આર્બીટ્રેશન બાબત | રા.મ.ન.પા/લીગલ /જા.નં. ૧૮૫૮ તા.૧૮/૦૨/૨૦૧૭ |
| ૧૩ | ઈ.પી.એફ અને ઈ.એસ.આઈ.સી. બાબતેનો અભિપ્રાય | રા.મ.ન.પા/લીગલ /જા.નં. ૧૨૨૧ તા.૨૫/૦૮/૨૦૨૩ |
| ૧૪ | ઇન્ટરલોકીંગ પેવીંગ બ્લોક પરિપત્ર | આર.એમ,સી./વીજી.(ટેક.)/જા.નં ૧૦૨ તા.૨૯/૦૮/૨૦૧૮ |
| ૧૫ | ઇન્ટરલોકીંગ પેવીંગ બ્લોક ટેસ્ટીંગ પરિપત્ર | આર.એમ,સી./વીજી.(ટેક.)/જા.નં ૧૮૦ તા.૨૭/૧૨/૨૦૧૮ |
| ૧૬ | ઇન્ટરલોકીંગ પેવીંગ બ્લોક સુધારા પરિપત્ર | આર.એમ,સી./વીજી.(ટેક.)/જા.નં ૯૭ તા.૧૮/૦૭/૨૦૧૯ |

# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

વેબસાઈટ : www.rmc.gov.in

આર.એમ.સી./સી./વીજી.(ટેક) /જા. નં.- ૨૩૧ તા. ૧૧/૦૩/૨૦૨૨

## પરીપત્ર-:

રાજકોટ મહાનગરપાલિકા અને RSCDL ખાતે ટેન્ડરથી થતા કામમાં સિમેન્ટ કોન્ક્રીટની કામગીરી કરવામાં આવે છે. આ કામોમાં ક્વોલીટી કન્ટ્રોલ જળવાઈ રહે તે માટે નીચે દર્શાવેલ દર્શાવ્યા મુજબ જુદા જુદા સિમેન્ટ કોન્કીટ ગ્રેડ વાઈઝ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટના ધોરણો અનુસરવા અને તેનો સમાવેશ ટેન્ડર ડોક્યુમેન્ટમાં કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (અ) | NABL માન્ય લેબ દ્વારા IS, IRC કે MORTH મુજબ તૈયાર કરાયેલ સિમેન્ટ કોન્ક્રીટ મીક્સ ડીઝાઈન રીપોર્ટ મુજબ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |
| (બ) | નીચે દશાવેલ ટેબલ મુજબ મીનીમમ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |

| Sr. No. | Cement Concrete Grade | 28 Days Strength in $N/mm^2$ | Minimum Cement in Kg |
|---|---|---|---|
| 1 | M-7.5 for PCC Work | 7.5 $N/mm^2$ | 160 Kg |
| 2 | M-10 for PCC Work | 10 $N/mm^2$ | 220 Kg |
| 3 | M-15 for PCC Work | 15 $N/mm^2$ | 290 Kg |
| 4 | M-20 for RCC Work | 20 $N/mm^2$ | 360 Kg |
| 5 | M-25 for RCC Work | 25 $N/mm^2$ | 380 Kg |
| 6 | M-30 for RCC Work | 30 $N/mm^2$ | 410 Kg |
| 7 | M-35 for RCC Work | 35 $N/mm^2$ | 425 Kg |
| 8 | M-40 for RCC Work | 40 $N/mm^2$ | 440 Kg |
| 9 | M-45 for RCC Work | 45 $N/mm^2$ | 450 Kg |

ઉપરોક્ત (અ) અને (બ) પૈકી જે વધુ હોય, તે સિમેન્ટ કન્ટેન્ટ ને ફાઈનલ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર ગણવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતની અમલવારી તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવાની રહેશે.

કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના (જાણ તથા અમલવારી અર્થે)

- નાયબ કમિશ્નરશ્રી (ઝોન-વેસ્ટ ,સેન્ટ્રલ ,ઇસ્ટ)

નકલ રવાના -(અમલવારી અર્થે)

- તમામ સીટી એન્જીનીયરશ્રી, એડી. સીટી એન્જીનીયરશ્રી, એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, એન્વાયરમેન્ટ એન્જીનીયરશ્રી (S.W.M.)

R.M.C./C./૬૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

<u>હુકમ :–</u>

વિષયઃ– ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે <u>બિનઅધિકૃત રજુ થતાં ડોકયુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત.</u>

સંદર્ભ :– <u>આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.</u>

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોકયુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોકયુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોકયુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબ્બર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોકયુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. <u>જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.</u> જેમાં ફરજચૂક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ફ્રોડ ડોકયુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમાં પ્રસિધ્ધ થતાં સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિક્કા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

કમિશ્નર
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):–</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :–
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)

આર.એમ.સી./સી. ૩૨૮

**રાજકોટ મહાનગરપાલિકા**
**કમિશનર વિભાગ**
તા.૨૨/૧૨/૨૦૧૨

## પરિપત્ર:-

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

22/12
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ રવાના :- (જાણ અર્થે)**
- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

**નકલ જાણ તથા અમલવારી અર્થે :-**
- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)

**જાહેરનામુ**

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: એસ.બી./મજુર/જાહેરનામુ/૧૬૭૯/૨૦૧૪.
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી,
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૯/૦૪/૨૦૧૪

~૪૭૯ ~ ૧/૫/૧૪

તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધવા પામેલ છે ભુતકાળમાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ધાડીઆ) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔદ્યોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઇપ લાઇન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનુ સર્વે કરી મલ્કિતસાથે શરીર મિલ્કત વિરુધ્ધના ગુન્હઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હુ મોહન ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમા લેબર કોન્ટ્રાક્ટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરી કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પો.સ્ટે.મા કરવાની રહેશે

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નુ પુરૂ નામ સરનામુ મો.નં., નંબર સહિત | :- | |
| ૨ | મજુરનુ નામ તથા ઉ.વ | :- | |
| ૩ | મજુરનુ હાલનુ સરનામુ ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનુ મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનુ સ્થળ / કંપનીનુ નામ | :- | |
| ૬ | મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામુ, ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | ક્યારથી મુકાદમે / કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | :- | |
| ૧૦ | મજુરનુ ઓળખ માટેનુ આઇ.ડી.પ્રુફ (ફોટા સાથે નું) | :- | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ? | :- | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઇ હોયતો તેનુ નામ, સરનામુ | :- | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનુ નિશાન........................................
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ........................................
નામ........................................

All stte 6/5 MC file

આ હુકમ તા. ૦૧/૦૫/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધી અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

— ૨૮/૪/૧૪ —

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂ છુ. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૬માહે એપ્રીલ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(મોહન ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ રવાના:-

(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૭) કલેકટરશ્રી , રાજકોટ શહેર
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૯) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પુર્વ/ પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
(૧૩) આર્ટ.કમિશ્નરશ્રી, (ઇન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઇન્સ.શ્રી. રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૫) તમામ પો.સ્ટે.ઇન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૬) તમામ શાખાઓ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૭) કન્ટ્રોલ ઇન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલો) વર્તમાનપત્રોને આપવી.
(૧૮) લેબર કમિશ્નરશ્રી, ... તમામ ખાનગી સંસ્થાઓને અવગત કરવા સારૂ

નકલ સવિનય રવાના:-

(૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જ્યુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ રાજકોટ.
(૫) એકઝીક્યુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર
(૬) એકઝીક્યુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૭) સયુંક્ત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)

# રાજકોટ મહાનગરપાલિકા

## હિસાબી શાખા

ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

રા.મ.ન.પા./હિસાબી/જા.નં. ૪૨૧

તા. ૧૬/૬/૨૦૧૭

નોંધ -

વિષય – Vendor Regi. માં GST No. Update કરવા બાબત

ઉપરોકત વિષયે જણાવવાનું કે રાજકોટ મહાનગરપાલીકા નાં તમામ વેન્ડર / કોન્ટ્રાકટરો ના Vendor Registration માં GST No. ની જરૂરીયાત હોય તાત્કાલીક અપડેટ કરવા વિનંતિ. Temporary Vendor નાં Regi. આપની શાખામાં જ થઇ જશે જ્યારે Permanent Vendor નાં GST No. અપડેટ કરવા શાખા અધિકારીશ્રી નાં જરૂરી સહી સીક્કા સાથે નીચે મુજબ વિગત નું પત્રક બનાવી દિવસ – ૭ માં હિસાબી શાખામાં માહિતી મોકલાવી આપવા વિનંતી.

| Vendor Name | Exiting Vendor Regi. No. | PAN | GST NO. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ચીફ એકાઉન્ટન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

<u>નોંધ</u> - તમામ વિગતો ચકાસીને અપડેટ કરવી / ચકાસીને મોકલવી અન્યથા સપ્લાયર્સ ને TDS ની ક્રેડીટ મળશે નહી જેની નોંધ લેવા વિનંતી.

રાજકોટ મહાનગરપાલિકા
સે. ઝોન બાંધકામ શાખા
ઈન્વર્ડ નંબર ૭૩૭
તારીખ ૧૬/૬/૧૭

નકલ અમલવારી અર્થે

1. તમામ શાખા અધિકારીશ્રી ઓ

નકલ સવિનય જાણ અર્થે

1. માન. કમિશ્નર સાહેબશ્રી
2. માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી

રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં. ૧૪૩૭ ૦૬/૦૬/૨૨

## જાહેરનામું

આથી હું અમિત અરોરા (IAS), મ્યુનિસીપલ કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની જોગવાઇ અનુસંધાને મળેલ સતા મુજબ, જાહેર હિતને ધ્યાને લઇ, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત તોડવા, સમારકામ અથવા તો નવા બાંધકામ દરમ્યાન ઉપસ્થિત થતા બાંધકામએ લગત કચરા (Construction and Demolition Waste) નો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ જગ્યા સિવાય નિકાલ કરવા પ્રતિબંધ ફરમાવું છું.

એવું ધ્યાનમાં આવેલ છે જે, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત, ઇમારતોના બાંધકામ દરમ્યાન નળીયા, પથરા, ઇંટો, ઇમારત બાંધવાના માલ સામાન અને એવા માલ સામાનનો કાટમાળ ગમે તે જગ્યાએ નિકાલ / એકઠો કરવામાં આવે છે. જેનાથી એવી જગ્યાએ ઉંદરો અથવા અન્ય જીવ જંતુઓનું આશ્રય સ્થાન અથવા ઉત્પતિ સ્થાન બને છે. તેમજ સદરહું જગ્યાનો ભોગવટો કરનારાઓને અથવા પડોશમાં રહેતી વ્યક્તિઓના ભય અને ઉપદ્રવનું કારણ બને છે. તેના કારણે રોગચાળો ફેલાવવાનો ભય અને લોકોના આરોગ્ય તથા જાનમાલને નુકસાન થાય તેવી સ્થિતી ઉત્પન્ન થાય છે. તેમજ તે કચરો (Construction and Demolition Waste) દુર કરવા રાજકોટ મહાનગરપાલિકાને ખુબજ મોટો ખર્ચ થાય છે, તેમજ માનવ સમય બગડે છે. આમ, લોકોના જાનમાલના અને આરોગ્યના નુકસાનના ભોગે આવી ગેરકાયદેસર પ્રવૃતિ ચાલી રહેલ છે, આવી કોઇપણ પ્રવૃતિ જન આરોગ્ય માટે બિન સલામતી નોતરે તેમ હોય, ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ અનુસુચી-ક ના પ્રકરણ-૧૪ ની જોગવાઇઓ અનુસંધાને આવી તમામ પ્રવૃતિ કરવાનો અગાઉના જાહેરનામા નં.રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં.૧૯૪૧, તા.૦૬/૦૮/૨૦૧૯ થી પ્રતિષેધ ફરમાવવામાં આવેલ અને આવા કચરા (Construction and Demolition Waste)ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકાએ નીચે દર્શાવેલ સ્થળો નિયત કરવામાં આવેલ.

૧. કોઠારીયા પોલીસ ચોકીની બાજુમાં પથ્થરની ખાણ પાસે,
૨. રૈયા સ્માર્ટ સીટીના તમામ ખાણ વિસ્તાર,
૩. ટી.પી.સ્કીમ નં.૧૦, એફ.પી.-૮૭, ઢેબર રોડ, સાઉથ અટીકા વિસ્તાર, પી.જી.વી.સી.એલ. ઓફિસ પાસે,
૪. ટી.પી.સ્કીમ નં.૨૩, એફ.પી.-૨૩, મોરબી રોડ,પોપટપરા આઇ.ઓ.સી. ગોડાઉન પાસે,
૫. સમ્રાટ ઇન્ડ. એરિયા, એસ.ટી. વર્કશોપ પાછળ, અનામત પ્લોટ,
૬. ટી.પી.સ્કીમ નં.૯, એફ.પી.-૫, રૈયાધાર ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન પાસે,
૭. ટી.પી.સ્કીમ નં.૨૦, એફ.પી.-૩૫, પ્રધ્યુમન ગ્રીન પાછળ

ઉપરોક્ત સ્થળો ઉપરાંત નીચે મુજબના સ્થળો Construction and Demolition Waste ના નિકાલ માટે નિયત કરવામાં આવે છે.

૧. જેટકો ચોકડી, ટી.પી.સ્કીમ નં.૨૮, મવડી, એફ.પી.-૪૬/એ,
૨. ટી.પી.સ્કીમ નં.૧૨, કોઠારીયા નેશનલ હાઇવે, લીજ્જત પાપડ પાસે, એફ.પી.-૩૮/એ, ૩૯/બી.

ઉપરોક્ત નિયત કરેલ સ્થળો સિવાય અન્ય કોઇપણ જગ્યાએ કોઇપણ ઇસમ/ઇસમો છકડો, ટ્રેકટર અથવા ડમ્પર દ્વારા (Construction and Demolition Waste) નો નિકાલ કરતાં પકડાશે તો પ્રથમ વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ।.૭,૫૦૦/- તથા ડમ્પર દીઠ રૂ।.૧૫,૦૦૦/-, બીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ।.૧૫,૦૦૦/- તથા ડમ્પર દીઠ



Scanned with CamScanner

રૂ.૩૦,૦૦૦/- અને ત્રીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ.૫૦,૦૦૦/- તથા ડમ્પર દીઠ રૂ.૧,૦૦,૦૦૦/-લેખે વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે. તેમજ વાહન જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં વસતાં નાગરીકો દ્વારા ઉપરોકત Construction and Demolition Waste ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝોન વાઇઝ કામગીરી માટે Construction and Demolition Waste સેલની રચના કરવામાં આવેલ છે. શહેરના નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટર – ૦૨૮૧-૨૪૫૦૦૭૭ પર ફોન કરી તેમની મિલ્કતનાં રીપેરીંગ કે કાટમાળનો નિકાલ નીચે મુજબનાં નિયત થયેલ ચાર્જીસ ભરપાઇ કરી નિકાલ કરવાની વ્યવસ્થાનો લાભ મેળવી શકશે.

- રીક્ષા કે ૧/૨ ટ્રેકટર રૂ.૩૦૦/-
- ટ્રેકટર જેટલો જથ્થો રૂ.૫૦૦/-
- ટ્રક / ડમ્પર જેટલો જથ્થો રૂ.૧,૦૦૦/-

ઉપરોકત નિયત કરાયેલ સ્થળોએથી ખાનગી માલિકો, જુનો એકત્રિત થયેલ બાંધકામનો કાટમાળ પોતાના ઉપયોગ માટે સ્વખર્ચે ઉપાડી લઇ જઇ શકશે.

ઉકત જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવો.

રાજકોટ.
તા.4/6/૨૦૨૨

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

c:\users\...\desktop\jahernamu c&d waste dt04-06-2022.docx

Scanned with CamScanner

[illegible] અશત/ ૨૯૯/૨૦૦૦/ ×૮૧૮

મુખ્ય જોડ [illegible] કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર - ૧૩ -સી [illegible],
ગાંધીનગર,
તા. [illegible]

[illegible] કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
[illegible] માર્ગ અને મકાન વિભાગ
[illegible]

વિષય:- કરારખત પર સ્ટેમ્પ ડ્યુટી વસુલાત બાબત.

સંદર્ભ:- આપની કચેરીનાં તા. ૩૦/૭/૨૦૦૦નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર દ્વારા આપની કચેરી દ્વારા "કરાર ખત" પર [illegible] સ્ટેમ્પ ડ્યુટીના માર્ગદર્શન બાબતે જણાવવાનું કે, અત્રેની કચેરીના પરિપત્ર નં. સ્ટેમ્પ/ [illegible] ૨૦૦૭/૯૯૯ તા. ૫/૨/૨૦૦૭ના પરિપત્ર ની નકલ મોકલવામાં આવે છે. જેના પેરા [illegible] (૩)માં જણાવેલ સ્ટેમ્પ ડ્યુટી વાપરવાની થાય છે.

વિશેષમાં જણાવવાનું કે, આપના દ્વારા અત્રે રજૂ થયેલ વિગત અન્વયે અત્રેના તા. [illegible] ના પરિપત્ર ના મુદ્દા નં.૨ મુજબ એગ્રીમેન્ટ માટે રૂા. ૧૦૦/- તથા ડિપોઝીટ તરીકે [illegible] [illegible] નેશનલાઇઝ્ડ બેંકની ફીક્સ ડીપોઝીટ તથા નાની બચત પત્રોની ૨.૫ % (અઢી ટકા) રકમ રૂા. [illegible] ૪૨૦/- ઉપર આર્ટીકલ -૩૬ (ક) સાથે આર્ટીકલ - ૨૦(ક)માં પ્રસ્તુત [illegible] તથા [illegible] મુજબ સરચાર્જ સહિત ૧૮૦ ને ૪.૯% મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવા [illegible] [illegible] થાય છે. જે વિદિત થાય.

[illegible] - પરિપત્રની નકલ.

Off. of the E. E. P&W
R&B Dn-2, Junagadh
૭૮૬૨
2 AUG 2000

[illegible]
સહીકર્તા
ખાતે
અધિક મુખ્ય જોડ [illegible]
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

[illegible]

નં.સ્ટેમ્પ-અનામ-૧૪-૨૦૦૭-૯૩૯

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩-સી, ખ રોડ,
ગાંધીનગર.
તા. ૫-૨-૦૭

પરિપત્રઃ-

અત્રેની કચેરીનાં ધ્યાન ઉપર આવેલ વિગત મુજબ ગુજરાત રાજયમાં આવેલ જીલ્લા પંચાયત, નગર પાલિકાઓ તરફથી કરવાના થતા બાંધકામ તથા અન્ય કામો માટે ટેન્ડર બહાર પાડી, કોન્ટ્રાકટરો પાસે કામગીરી કરાવવામાં આવે છે. આવી કામગીરી માટે જે કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજુર કરવામાં આવે છે. તે ટેન્ડરની અંદાજીત રકમ પૈકી નિયમોનુસાર અનામતની (સીકયુરીટી - ડીપોઝીટની ) રકમ લેવામાં આવે છે. તે અંગે જીલ્લા પંચાયત / નગરપાલિકા / મહાનગરપાલિકા અને કોન્ટ્રાકટર વચ્ચે કરાર કરવામાં આવે છે. આવા કરારો સ્ટેમ્પ ડયુટીના અભિપ્રાય માટે અત્રે રજૂ કરવામાં આવે છે. તેમાં જે ડિપોઝીટની રકમ અનામત મુકવાની થાય છે. તે રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફટ બેંક ગેરંટી ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ એન.એસ.સી. બચતપત્ર વિગેરે પૈકીના એક યા વધુ માધ્યમથી આપવામાં આવે છે. તેમાં ટેન્ડર અન્વયે કેટલી રકમ સીકયુરીટી ડીપોઝીટ પેટે મુકવાની છે અને કયા માધ્યમથી મુકવામાં આવે છે. તેની પુરેપુરી વિગત રજુ કરેલ ન હોય તો આવા કેસોમાં પુરેપુરી વિગત રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી અભિપ્રાય આપી શકાતો નથી અથવા વિલંબ થાય છે. આવી પરિસ્થિતિ નિવારવા અને ટેન્ડરની રકમ અન્વયે જે કરાર કરવામાં આવે છે. તેમાં નીચેની વિગતે સ્ટેમ્પ ડયુટી લેવાની થાય છે.

(૧) અનામતની જે રકમ રોકડ, ચેક યા ડ્રાફટથી લેવામાં આવે અથવા તો બેંક ગેરંટીથી આપવામાં આવે તો કરારનાં લેખ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ની અનુસુચિ-૧ ના આર્ટીકલ -૫ (જ) મુજબ કરાર ઉપર રૂા. ૧૦૦/- સ્ટેમ્પ ડયુટી વાપરવાની થાય છે.

(૨) ટેન્ડર અન્વયે જે અનામતની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. યા અન્ય કોઈ બચતપત્રના માધ્યમ થી અનામત મુકવામાં આવે તો તેટલી અનામતની રકમ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ- ૧૯૫૮ની અનુસુચિ-૧ ના આર્ટીકલ -૩૬ (ક) સાથે આર્ટીકલ ૨૦ (ક) મુજબ આ રીતે આપવામાં આવેલ અનામતની રકમના પ્રત્યેક રૂા. ૧૦૦/- અથવા તેના ભાગ માટે ૪.૨૫% પ્રમાણે સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે.

આપના તરફથી જે કામો માટે ટેન્ડર બહાર પાડવામાં આવે અને તેમાં ટેન્ડરની રકમ અન્વયે જે રકમ ડિપોઝીટ (અનામત) મુકવામાં આવે છે. તેમાં ઉપર દર્શાવ્યા મુજબ સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે. તે મુજબ અમલ કરવા વિનંતી છે. સાથોસાથ આપના દ્વારા

ASHN

જાવક
નગરપાલિકા જાવક
ક. નં. ૨૪૫૮
તા. ૨૨-૨-૦૭

કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવે તે સમયે કરારનામા ઉપર ઉકત વિગતે યોગ્ય સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરેલ છે. કેમ ? તેની ચકાસણી કરવા પણ જણાવવામ. આવે છે.

અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

પ્રતિ, (૧) જુ બના કોન્ટ્રાક્ટર
(૨) જીલ્લા વિકાસ અધિકારી,
જીલ્લા વિકાસ અધિકારીની કચેરી
.............................
(૩) મ્યુનીસીપલ કમિશ્નરશ્રી,
મ્યુ. કમિશ્નરશ્રીની કચેરી
.............................
(૪) ચીફ ઓફિસરશ્રી તમામ
નગરપાલિકા કચેરી,
..(કોપરેટર)......જી. ગાંધીનગર..

નકલ રવાના,
નાયબ કલેકટર (સ્ટેમ્પ્સ)

ASHN

RAJKOT MUNICIPAL CORPORATION
ACCOUNTS DEPARTMENT
Room No. 4, 2nd Floor
Dr. Ambedkar Bhavan,
Debar Road,
Rajkot - 360001

# PARTY/VENDOR REGISTRATION FORM

| | | |
|---|---|---|
| VENDOR CODE | : | |
| Party Name | : | |
| Authorized Person | : | |
| PAN Card No. | : | |
| GST No. | : | |
| Address | : | |
| City | : | |
| Phone No. | : | |
| Mobile No. | : | |
| eMail ID | : | |
| Website | : | |
| Area Of Work | : | |
| Bank Details (attach copy of cancelled cheque) | | |
| Bank Name | : | |
| Branch Name | : | |
| MICR Code | : | IFSC Code : |
| Account Type | : | |
| Account No. | : | |

(1) Any vendor while filling a tender shall quote registration details; if he is not registred he will give fresh details along with tender.

(2) Acounts branch will designate a person who will keep the forms and also authorize new registrations or edit existing registrations.

TO,
CHIF ACCOUNTANT,
ACCOUNT DEPARTMENT,
RAJKOT MUNICIPAL CORPORATION

THE ABOVE MENTIONED DETAILS FOR VENDOR REGISTRATION HAS BEEN VERIFIED BY US & FOUND CORRECT. KINDLY REGISTER ABOVE VENDOR.

SIGN
NAME
DESIGNATION
DEPARTMENT NAME

રાજકોટ મહાનગરપાલિકા

હિસાબી શાખા

તા૨૦/૦૯/૨૦૧૮

જા. નં. ૧૬૧૭

પરિપત્ર :-

**વિષય :- તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત બાબત**

સંદર્ભ :- (૧) GoI, MoF (Department of Revenue) Central Board Indirect Taxes and Customs Notification No. 50/2018-Central Tax

(૨) GoG, Finance Department Notification No. 50/2018-State Tax

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર *રૂ. ૨,૫૦,૦૦૦ થી વધુ રકમના વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ કોન્ટ્રાક્ટરથી મેળવે તો કુલ ૨% (બે ટકા) ટેક્ષ ડીડક્શન એટ સોર્સ (જી.એસ.ટી. ટી.ડી.એસ) કાપવાનો થાય છે.*

આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ વધારાની ૨% ની વધારાની નિયમો અનુસાર બિલમાંથી તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત કરવાની થાય છે.

નાયબ કમિશ્નર

રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ :- GST FAQ's

<u>નકલ સવિનય જાણ અર્થે:-</u>

(૧) માન. કમિશ્નર સાહેબશ્રી

(૨) માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી. (વે.ઝોન, ઈ.ઝોન)

<u>નકલ અમલવારી અર્થે:-</u>

(૧) તમામ શાખા અધિકારીશ્રી

[illegible]
૨૯/૧૨/૧૫

ર.મ.ન.પા./લીગલ/શા.નં./૧૫૭૧

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા. ૨૯/૧૨/૨૦૧૫

# <u>પરિપત્ર :</u>

વિષય : <u>ઇ.પી.એફ. યોજના અંતર્ગત આપવાની થતી માહિતી</u>

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારી કે જેઓને ઇ.પી.એફ. યોજના લાગુ પડે છે. અથવા તો જેઓને એક વખત આ યોજના લાગુ પડી ગયેલ હોય, તેઓના ઇ.પી.એફ. એકાઉન્ટમાં કે.વાય.સી. (K.Y.C) ફોર્મમાં આધાર કાર્ડ, પાનકાર્ડ, બેંક એકાઉન્ટની વિગતો તથા મોબાઇલ નંબર અપડેટ કરવાના બાકી હોય તેનું લીસ્ટ ઇ.પી.એફ. કચેરીમાં જે કર્મચારી/એકાઉન્ટ હોલ્ડરની જરૂરી વિગતો પુરી પાડવામાં આવેલ ન હોય તે સત્વરે પુરી પાડવાની થાય છે. તથા અત્રેથી આ કામગીરીના સંકલન અર્થે નિયુક્ત કરવામાં આવેલ પેનલ એડવોકેટ તરફથી ઇ-મેઇલ મારફતે યાદી પુરી પાડેલ છે. જે આ સાથે સામેલ છે. સદરહુ લીસ્ટના કર્મચારીઓની વિગત સંબંધિત શાખાએ દિન-૨ માં પેનલ એડવોકેટ "શ્રધ્ધા કન્સલ્ટન્ટ" ને અચુકપણે પહોંચતી કરવાની થાય છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ દ્વારા સને ૨૦૧૧ થી આજદિન સુધી કોન્ટ્રાક્ટરો મારફતે કાર્ય કરાવેલ હોય જેમાં માનવશ્રમનો ઉપયોગ થયો હોય, તે સંબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે કે કેમ? તેની ખરાઇ બાદ જ સંબંધિત કોન્ટ્રાક્ટરશ્રીઓના બીલ પાસ કરવા અગાઉ સુચના આપવામાં આવેલ હતી. જેનો ફરીથી ચુસ્ત અમલીકરણ સુચના આપવામાં આવે છે. <u>સંબંધિત કોન્ટ્રાક્ટરોની તથા તેઓ હસ્તકના શ્રમિકોની ઇ.પી.એફ. કચેરી તરફથી આવેલ પત્રમાં દર્શાવેલ વિગતો</u> તાત્કાલિક અસરથી પેનલ એડવોકેટશ્રીને દિન-૫ માં પહોંચતી કરવા દરેક શાખાધિકારીને સુચિત કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા
હિસાબી શાખા
ઇનવર્ડ નં. ૩૫૪૨
તારીખ ૨૯/૧૨/૧૫

સદરહુ વિગત નિયત સમયમર્યાદામાં ન મોકલવાના સંજોગોમાં અથવા તો અધુરી અને ખોટી વિગતો મોકલવા બદલ સંબંધિત શાખાધિકારીની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવામાં આવશે. જેથી લીસ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગતો તથા આપની કચેરી હસ્તકના કોન્ટ્રાક્ટર તથા તેઓ હસ્તકના શ્રમિકોની વિગતો યોગ્ય ચકાસણી કરી નિયત કરેલ સમયમર્યાદામાં પેનલ એડવોકેટને પહોંચતી કરવી. તથા તેની જાણ લીગલ શાખાને કરવી.

ઉપરોક્ત પરિપત્રની ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવો.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

<u>નકલ સવિનય રવાના :</u>
- માન. કમિશનર સાહેબ
- નાયબ કમિશનર (ઇ.ઝો./વે.ઝો.)

<u>નકલ રવાના :</u>
તમામ શાખાધિકારી (અમલવારી)

પેનલ એડવોકેટનું સરનામું : શ્રધ્ધા કન્સલ્ટન્ટ
૫૦૨ એક્યુરેટ સ્ક્વેર
શાસ્ત્રી રોડ, સાયકલ ઝોન ઉપર
રાજકોટ. ફોન નં. ૨૪૬૩૩૮૦

**નોંધ : <u>સબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા તમામ કોન્ટ્રાક્ટરોના બીલો ઓડીટ તથા હિસાબી શાખાએ મંજુર કરવા નહિ.</u>**

C-૩૪૫
A

રા.મ.ન.પા./લીગલ/જા.નં. ૧૯૫૯

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા.૨૯/૨/૨૦૧૭

હુકમ:

વંચાણે : લીગલ ફાઇલ નં.૩૭૧/૨૦૧૬-૧૭

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે જુદી-જુદી શાખાઓ દ્વારા કામગીરીના પ્રકારને ધ્યાને લઇ નિયમ અનુસારની પ્રક્રિયા અનુસરીને એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર સાથે જોગવાઇઓ અન્વયે કરાર કરવામાં આવે છે. મહાનગરપાલિકાની કામગીરી સંદર્ભે તૈયાર કરવામાં આવતા ટેન્ડર/કરારનામામાં વખતો વખતની જરૂરીયાતને ધ્યાને લઇ આર્બીટ્રેશન (Arbitration) ની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે કરવામાં આવેલ કરારનામાની શરતો અનુસંધાને અમુક એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી નામદાર હાઇકોર્ટ સમક્ષ આર્બીટ્રેટરશ્રીની નિયુક્તિ અંગે પીટીશનો કરવામાં આવે છે, જેના કારણે મહાનગરપાલિકાની કામગીરીના ભારણમાં વધારો થયેલ છે. અને સબંધિત અધિકારીશ્રીઓને વારંવાર અમદાવાદ ખાતે હાજર રહેવુ પડતુ હોય તેના કારણે અગત્યના પ્રોજેકટો સહીત કચેરીની કામગીરી તેમજ પ્રજાકીય કામો ઉપર વિપરીત અસર થવા પામેલ છે, તેમજ અરજદારોને હેરાન થવું પડે છે. આ અંગે કાયદાકીય, શાખાના અભિપ્રાય અને પ્રકરણની વિગતો જોતા આ કામે વૈકલ્પિક ઉપાય (alternate remedy) ઉપલબ્ધ હોય મહાનગરપાલિકાના ટેન્ડર/કરારનામામાં આર્બીટ્રેશનની જોગવાઇઓને સામેલ કરવાનું ઉચીત જણાતું નથી.

આથી " રાજકોટ મહાનગરપાલિકાના કામે કરવામાં આવતા ટેન્ડર ડોક્યુમેન્ટ અને કરારનામામાં આર્બીટ્રેશન (Arbitration) ને લગત જોગવાઇઓ દુર કરવાનો." અને તેના બદલે "ટેન્ડરની શરત/કરારનામાની શરતના અર્થઘટન સંદર્ભે મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહશે." અને "ટેન્ડરની/કરારનામાની શરતો અંગે કોઇ પણ બાબતે વિવાદ ઉપસ્થિત થયે રાજકોટની દિવાની અદાલતની હકુમત રહેશે." તેવી શરતોનો મહાનગરપાલિકાના કામ અર્થે તૈયાર કરવામાં આવતા તમામ કામગીરીના પરિપત્રો/ટેન્ડર ડોક્યુમેન્ટ તેમજ કરારનામામાં સમાવેશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના જાણ અર્થે : નાયબ કમિશનરશ્રી (તમામ)

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે : તમામ શાખાધિકારીશ્રીઓ

Scanned by CamScanner

# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

વેબસાઈટ : www.rmc.gov.in

આર.એમ.સી./સી./વીજી.(ટેક.) /જા. નં.- ૨૩૧ તા. ૧૧/૦૩/૨૦૨૨

**પરીપત્ર-:**

રાજકોટ મહાનગરપાલિકા અને RSCDL ખાતે ટેન્ડરથી થતા કામમાં સિમેન્ટ કોન્ક્રીટની કામગીરી કરવામાં આવે છે. આ કામોમાં ક્વોલીટી કન્ટ્રોલ જળવાઈ રહે તે માટે નીચે દર્શાવેલ દર્શાવ્યા મુજબ જુદા જુદા સિમેન્ટ કોન્ક્રીટ ગ્રેડ વાઈઝ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટના ધોરણો અનુસરવા અને તેનો સમાવેશ ટેન્ડર ડોક્યુમેન્ટમાં કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (અ) | NABL માન્ય લેબ દ્વારા IS, IRC કે MORTH મુજબ તૈયાર કરાયેલ સિમેન્ટ કોન્ક્રીટ મીક્સ ડીઝાઈન રીપોર્ટ મુજબ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |
| (બ) | નીચે દશાવેલ ટેબલ મુજબ મીનીમમ કિગ્રા સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર |

| Sr. No. | Cement Concrete Grade | 28 Days Strength in $N/mm^2$ | Minimum Cement in Kg |
|---|---|---|---|
| 1 | M-7.5 for PCC Work | 7.5 $N/mm^2$ | 160 Kg |
| 2 | M-10 for PCC Work | 10 $N/mm^2$ | 220 Kg |
| 3 | M-15 for PCC Work | 15 $N/mm^2$ | 290 Kg |
| 4 | M-20 for RCC Work | 20 $N/mm^2$ | 360 Kg |
| 5 | M-25 for RCC Work | 25 $N/mm^2$ | 380 Kg |
| 6 | M-30 for RCC Work | 30 $N/mm^2$ | 410 Kg |
| 7 | M-35 for RCC Work | 35 $N/mm^2$ | 425 Kg |
| 8 | M-40 for RCC Work | 40 $N/mm^2$ | 440 Kg |
| 9 | M-45 for RCC Work | 45 $N/mm^2$ | 450 Kg |

ઉપરોક્ત (અ) અને (બ) પૈકી જે વધુ હોય, તે સિમેન્ટ કન્ટેન્ટ ને ફાઈનલ મીનીમમ સિમેન્ટ કન્ટેન્ટ પ્રતિ ઘનમીટર ગણવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત બાબતની અમલવારી તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવાની રહેશે.

કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના (જાણ તથા અમલવારી અર્થે)

- નાયબ કમિશ્નરશ્રી (ઝોન-વેસ્ટ ,સેન્ટ્રલ ,ઇસ્ટ)

નકલ રવાના -(અમલવારી અર્થે)

- તમામ સીટી એન્જીનીયરશ્રી, એડી. સીટી એન્જીનીયરશ્રી, એક્ઝીક્યુટીવ એન્જીનીયરશ્રી, એન્વાયરમેન્ટ એન્જીનીયરશ્રી (S.W.M.)

R.M.C./C./૯૩૨

કમિશ્નર વિભાગ,
રાજકોટ મહાનગર સેવાસદન
તા. ૧૦/૬/૨૦૧૩

**<u>હુકમ :–</u>**

**વિષયઃ– ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી મંગાવવામાં આવતી તમામ પ્રકારની ઓફરો સાથે <u>બિનઅધિકૃત રજુ થતાં ડોક્યુમેન્ટસ સામે કડક કાર્યવાહી હાથ ધરવા બાબત.</u>**

**સંદર્ભ :–** <u>આ અગાઉનાં પરીપત્ર નં. આર.એમ.સી./સી./૩૨૯, તા.૨૨/૧૨/૨૦૧૨.</u>

રાજકોટ મહાનગર સેવાસદનના ત્રણ ઝોનનાં તમામ વોર્ડમાં શહેરનાં વિકાસ તથા જાળવણી માટે વિવિધ કામગીરી કરાવવા ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડર પધ્ધતિથી અલગ અલગ એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ધોરણે અખબારી પ્રસિધ્ધિથી ભાવો ટુ બીડ સીસ્ટમ (૧) ટેકનીકલ બીડ (૨) પ્રાઈઝ બીડ થી મંગાવવામાં આવે છે.

સંદર્ભના પ્રસિધ્ધ કરેલ પરીપત્ર મુજબ તમામ ઈ–ટેન્ડર / ઓપન ટેન્ડરથી મંગાવવામાં આવતાં ભાવો સાથે ભાવ ભરનાર એજન્સીઓ / બીડરો દ્વારા ટેન્ડર બીડ માટે રજુ કરવાનાં થતાં તમામ ડોક્યુમેન્ટસ ફરજીયાતપણે ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરવા આદેશ કરવામાં આવેલ છે. જે સંબંધે નીચે મુજબનાં હુકમની અમલવારી તાત્કાલીક અસરથી કરવા આદેશ કરવામાં આવે છે.

(૧) તમામ ટેન્ડરકામોના ટેકનીકલ બીડ ઓપન કરતી વખતે જે ટેન્ડર બીડ ભરનાર એજન્સીઓ દ્વારા તમામ ડોક્યુમેન્ટસ કે તે પૈકી કોઈપણ એક ડોક્યુમેન્ટસ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ રજુ કરેલ ન હોય તો રજુ થયેલ ટેકનીકલ બીડ ઓપન કરવાની કાર્યવાહી દરમ્યાન ટેકનીકલ બીડ ઓપન કરનાર સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ Disqualify પ્રકારનો રબ્બર સ્ટેમ્પ બિનઅધિકૃત રજુ થયેલ ટેન્ડરનાં તમામ પાને લગાવી ટેકનીકલ બીડમાં ટેન્ડર Disqualify ફરજીયાતપણે કરવાનું રહેશે.

જે ટેન્ડર ખરી નકલ કે સેલ્ફ એટેસ્ટેડ સાથે રજુ થયેલ નથી, તેવું ટેકનીકલ બીડમાં ધ્યાને આવ્યેથી રજુ થયેલ ટેન્ડરને Disqualify ન કરી, તે બીડરનું જો પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે તો આવા પ્રાઈઝ બીડ ખોલનાર તમામ સંબંધીત અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે સખત શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે.

(૨) તમામ ટેન્ડરોનાં કિસ્સાઓમાં સંબંધીત ખરી નકલમાં રજુ થયેલ તમામ ડોક્યુમેન્ટસની મુળ (ઓરીજીનલ)નકલ મંગાવી તેની ખરી નકલની ચકાસણી ફરજીયાતપણે સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી તથા મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. **<u>જે મુળ નકલ સાથે વેરીફાય કર્યાની સહી ફરજીયાતપણે દરેક ખરી નકલમાં સંબંધીત ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રીએ કરવાની રહેશે. તે પહેલાં તે ટેન્ડરની પ્રાઈઝ બીડ ઓપન કરી શકાશે નહી.</u>** જેમાં ફરજચૂક થયેથી સંબંધીત જવાબદાર ડી.ઈ.ઈ.શ્રી / મ.ઈ.શ્રી / અ.મ.ઈ.શ્રી ની સામે કડક ખાતાકીય પગલાં લેવાની ફરજ પડશે.

(૩) ક્રમ નં.(૧) તથા (૨) મુજબની ચકાસણી કરવા છતાં જે કિસ્સામાં ટેકનીકલ બીડ ઓપન કરતાં બીડર દ્વારા કોઈપણ પ્રકારનાં ફ્રોડ ડોક્યુમેન્ટસ રજુ કરી કામ મેળવવા માટે પ્રયાસ કર્યાનું સાબિત થશે, તેવા કિસ્સામાં બીડર / એજન્સીને બ્લેકલીસ્ટ કરી, આવા બીડર સામે ફરજીયાતપણે ફોજદારી કાર્યવાહી સંબંધીત શાખાના વડા તથા વીજીલન્સ અધિકારીશ્રી (પ્રોટેકશન) દ્વારા જોઈન્ટલી દિન–૭ માં કરવા આદેશ કરવામાં આવે છે. જેની લેખિતમાં

જાણ તાત્કાલીક અત્રે કરવાની રહેશે. જેમાં ચૂક થયેથી સંબંધીત તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રી સામે કડક પગલાં લેવા ફરજ પડશે.

(૪) સંદર્ભનો પરીપત્ર તથા આ હુકમ તમામ પ્રકારનાં ટેકનીકલ કામના દરેક ટેન્ડર પ્રસિધ્ધ કરતી વખતે ટેન્ડરનો હિસ્સો ગણી ટેન્ડરના ભાગ તરીકે પ્રસિધ્ધ કરવાનું ફરજીયાત રહેશે, તથા બીડર દ્વારા ટેન્ડરમાં પ્રસિધ્ધ થતાં સંદર્ભનાં પરીપત્ર તથા આ હુકમનાં દરેક પાને સહી સિક્કા સાથે ભરેલ ટેન્ડરની ટેકનીકલ બીડ ફરજીયાત રજુ કરવાની રહેશે.

ઉપરોક્ત હુકમનો તાત્કાલીક અસરથી ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

કમિશ્નર
રાજકોટ મહાનગર સેવાસદન

<u>નકલ રવાના (જાણ અર્થે):-</u>
નાયબ કમિશ્નરશ્રીઓ (તમામ)

<u>નકલ જાણ તથા અમલવારી અર્થે</u> :-
(૧) સહાયક કમિશ્નરશ્રીઓ (તમામ)
(૨) શાખાધિકારીશ્રીઓ (તમામ)

આર.એમ.સી./સી. ૩૨૮

**રાજકોટ મહાનગરપાલિકા**
**કમિશનર વિભાગ**
તા.૨૨/૧૨/૨૦૧૨

## પરિપત્ર:-

ઇ-ટેન્ડર પદ્ધતિ / ઓપન ટેન્ડર પદ્ધતિથી માંગવામાં આવતી ઓફરોમાં એજન્સીઓ દ્વારા ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ જેવા કે ટર્નઓવર, અનુભવના પ્રમાણપત્રો વિગેરે ખરી નકલમાં રજૂ કરવામાં આવતા નથી. આથી હવે પછીથી એજન્સીઓ દ્વારા રજૂ થતાં ટેકનીકલ બીડમાં રજુ કરવામાં આવતા ડોક્યુમેન્ટ્સ ખરી નકલમાં અથવા સેલ્ફ એટેસ્ટેડ હોવા જરૂરી છે તેમજ જે એજન્સીનું ટેન્ડર ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થાય અને ખરી નકલ ગેઝેટેડ ઓફીસર મારફત પ્રમાણિત કરાવેલ ન હોય તેવા કેસમાં તેના ઓરીજીનલ ડોક્યુમેન્ટ્સ પ્રાઇસબીડ ખોલતા પહેલા ચકાસી અને ખરી નકલ રજૂ કરાવીને જ ખોલવાના રહેશે તથા આ બાબતનું શાખાધિકારીશ્રીઓએ ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે. આમ ન થયેથી પુરતી ચકાસણીને અભાવે જો કોઇ એજન્સીને ખોટા કે અધુરા આધારો સાથે કામ આપવાની ક્ષતિજનક બાબત જાણમાં આવ્યે તે ટેન્ડર ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરનાર કર્મચારીશ્રીઓ તેમજ શાખાધિકારીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે, જેની સર્વે શાખાધિકારીશ્રીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનો અમલ તાત્કાલિક અસરથી કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**નકલ રવાના :- (જાણ અર્થે)**
- નાયબ કમિશનરશ્રીઓ (તમામ)

**નકલ જાણ તથા અમલવારી અર્થે :-**
- સહાયક કમિશનરશ્રીઓ (તમામ)
- શાખાધિકારીશ્રીઓ (તમામ)

**જાહેરનામુ**

ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક: એસ.બી/મજુર/જાહેરનામુ/૫૬૩૯/૨૦૧૪.
પોલીસ કમિશ્નરશ્રીની કચેરી.
રાજકોટ શહેર,રાજકોટ.
તા.૨૬/૦૪/૨૦૧૪

૫૭૮ ~ 11/5/14

તાજેતરમાં રાજકોટ શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધતા પામેલ છે ભુતકાળમાં રાજકોટ શહેરમાં બનેલ ઘરફોડ ચોરીના બનાવોની તપાસ કરતા તપાસમાં આવા ગુન્હો કરનાર (ધાડીકીયા) પકડાયેલ છે. ત્યારે તપાસમાં આવા ગુન્હા વાળા આરોપીઓ ગુન્હાના બનાવના દિવસો અગાઉ રાજકોટ શહેરમાં નવા બંધાતા મકાનોમાં જુદી જુદી ઔધોગીક કંપનીઓમાં, કોર્પોરેશનમાં મજુરી કામ અને ટેલીફોન કંપનીઓ દ્વારા તથા ગેસ પાઇપ લાઇન માટે ખોદાતા ખાડાઓની મજુરી કામ મેળવી અથવા તેના બહાના હેઠળ આવી રોકાણ કરી આજુબાજુની સ્થાનિક પરીસ્થિતીનુ સર્વે કરી માહિતગાર થઇ મિલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા હોય છે. મજુરી કામના બહાના હેઠળ આતંકવાદીઓ પણ આશરો મેળવી લેતા હોય છે જેથી જાહેર જનતાની જાન-માલ (મિલ્કત)ની સલામતી તથા સુરક્ષા સારૂ થોડા નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું મોહન ઝા (I.P.S.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ફોજદારી કાર્યરીતી અધિનીયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે અમોને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છુ કે, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમા લેબર કોન્ટ્રાકટર/મુકાદમનાઓએ પોતાની પાસે જે મજુર કામે રાખેલ હોય અને મજુરી કામકાજ માટે સપ્લાય કરતા હોય તેઓએ નીચે જણાવેલ ફોર્મ મુજબ દરેક મજુરોના અલગ-અલગ ફોર્મ ભરી ફરજીયાત પણે સ્થાનીક પોલીસ સ્ટેશનને જાણ કરવાની રહેશે તથા મજુરો જ્યારે મજુરી કામ તથા રાજકોટ શહેર છોડી જતા રહે ત્યારે લેબર કોન્ટ્રાકટર/મુકાદમે તે અંગેની જાણ નામ/સરનામા સહિતની વિગત સાથે સ્થાનીક પો.સ્ટે.મા કરવાની રહેશે

| | | | |
|---|---|---|---|
| ૧ | લેબર કોન્ટ્રાકટર / મુકાદમ (સપ્લાયર) નુ પુરૂ નામ સરનામુ મો.નં., નંબર સહિત | :- | |
| ૨ | મજુરનુ નામ તથા ઉ.વ. | :- | |
| ૩ | મજુરનુ હાલનુ સરનામુ ટેલીફોન નંબર | :- | |
| ૪ | મજુરનુ મુળ વતનનું સરનામું ગામ, તાલુકો, જીલ્લો | :- | |
| ૫ | હાલની મજુરીનુ સ્થળ / કંપનીનુ નામ | :- | |
| ૬ | મજુરનુ વતનનું સ્થાનીક પો.સ્ટે.નું નામ તથા ટેલીફોન નંબર | :- | |
| ૭ | મજુરના વતનના આગેવાનનું નામ, સરનામુ, ટેલીફોન નંબર | :- | |
| ૮ | મજુર અગાઉ કોઇ પોલીસ ગુન્હામાં પકડાયેલ હોય તો તેની વિગત | :- | |
| ૯ | ક્યારથી મુકાદમ / કોન્ટ્રાકટરે મજુરી કામ માટે રાખેલ છે | :- | |
| ૧૦ | મજુરનુ ઓળખ માટેનુ આઇ.ડી.પ્રુફ (ફોટા સાથે નું) | :- | |
| ૧૧ | રાજકોટ શહેરમાં કઇ તારીખથી મજુરી કામ કરે છે ? અને કઇ તારીખે જવાનો છે ? | :- | |
| ૧૨ | રાજકોટ શહેરમાં નજીકના સંબંધી કોઇ હોય તો તેનુ નામ, સરનામુ | :- | |

મજુરનો તાજેતરનો ફોટો

મજુરના અંગુઠાનુ નિશાન........................................
મુકાદમ/સપ્લાયર/કોન્ટ્રાકટરની સહિ........................................
નામ........................................

615 All SHO's MC file

આ હુકમ તા. ૦૧/૦૫/૨૦૧૪ થી તા.૩૦/૦૬/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એકતરફી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીશ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામા આવશે ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૯માહે એપ્રીલ-૨૦૧૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(મોહન ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,રાજકોટ

નકલ રવાના:
(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૩) અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૫) ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, રાજકોટ રેન્જ, રાજકોટ.
(૬) જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ ગ્રામ્ય, રાજકોટ.
(૭) કલેકટરશ્રી , રાજકોટ શહેર
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૯) નિયામકશ્રી, માહીતી ખાતું ડો.જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય બ્લોક નં.૭, બીજા માળે,ગુ.રા., ગાંધીનગર.
(૧૦) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૧) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, પુર્વ/ પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
(૧૩) આઇ.બી.કમિશ્નરશ્રી, (ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/પો.ઇન્સ.શ્રી. રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૫) તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ,રાજકોટ શહેર(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૬) તમામ બ્રાન્ચ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૭) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (૧૦ નકલ) વર્તમાનપત્રોને આપવી.
(૧૮) લેબર કમિશ્નરશ્રી, ... તમામ ખાનગી સંસ્થાઓને અવગત કરવા સારૂ

નકલ સવિનય રવાના:-
(૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ. ગુ.રા.સોલારોડ અમદાવાદ.
(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ રાજકોટ.
(૫) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ શહેર
(૬) એકઝીકયુટીવ મેજી.શ્રી, રાજકોટ તાલુકા
(૭) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)

# રાજકોટ મહાનગરપાલિકા

## હિસાબી શાખા

ડો.આંબેડકર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.

રા.મ.ન.પા./હિસાબી/જા.નં. ૪૨૧

તા. ૧૬/૬/૨૦૧૭

નોંધ -

વિષય – Vendor Regi. માં GST No. Update કરવા બાબત

ઉપરોકત વિષયે જણાવવાનું કે રાજકોટ મહાનગરપાલીકા નાં તમામ વેન્ડર / કોન્ટ્રાકટરો ના Vendor Registration માં GST No. ની જરૂરીયાત હોય તાત્કાલીક અપડેટ કરવા વિનંતિ. Temporary Vendor નાં Regi. આપની શાખામાં જ થઇ જશે જ્યારે Permanent Vendor નાં GST No. અપડેટ કરવા શાખા અધિકારીશ્રી નાં જરૂરી સહી સીક્કા સાથે નીચે મુજબ વિગત નું પત્રક બનાવી દિવસ – ૭ માં હિસાબી શાખામાં માહિતી મોકલાવી આપવા વિનંતી.

| Vendor Name | Exiting Vendor Regi. No. | PAN | GST NO. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ચીફ એકાઉન્ટન્ટ
રાજકોટ મહાનગરપાલીકા

નોંધ - તમામ વિગતો ચકાસીને અપડેટ કરવી / ચકાસીને મોકલવી અન્યથા સપ્લાયર્સ ને TDS ની ક્રેડીટ મળશે નહી જેની નોંધ લેવા વિનંતી.

રાજકોટ મહાનગરપાલિકા
સે. ઝોન બાંધકામ શાખા
ઈન્વર્ડ નંબર ૭૩૭
તારીખ ૧૬/૬/૧૭

નકલ અમલવારી અર્થે

1. તમામ શાખા અધિકારીશ્રી ઓ

નકલ સવિનય જાણ અર્થે

1. માન. કમિશ્નર સાહેબશ્રી
2. માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી

રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં. ૧૪૭૭ / ૦૬/૫/૨૨

જાહેરનામું

આથી હું અમિત અરોરા (IAS), મ્યુનિસીપલ કમિશનર, રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ-૧૯૪૯ની જોગવાઇ અનુસંધાને મળેલ સતા મુજબ, જાહેર હિતને ધ્યાને લઇ, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત તોડવા, સમારકામ અથવા તો નવા બાંધકામ દરમ્યાન ઉપસ્થિત થતા બાંધકામએ લગત કચરા (Construction and Demolition Waste) નો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિયત કરાયેલ જગ્યા સિવાય નિકાલ કરવા પ્રતિબંધ ફરમાવું છું.

એવું ધ્યાનમાં આવેલ છે જે, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ઇમારત, ઇમારતોના બાંધકામ દરમ્યાન નળીયા, પથરા, ઇંટો, ઇમારત બાંધવાના માલ સામાન અને એવા માલ સામાનનો કાટમાળ ગમે તે જગ્યાએ નિકાલ / એકઠો કરવામાં આવે છે. જેનાથી એવી જગ્યાએ ઉંદરો અથવા અન્ય જીવ જંતુઓનું આશ્રય સ્થાન અથવા ઉત્પતિ સ્થાન બને છે. તેમજ સદરહું જગ્યાનો ભોગવટો કરનારાઓને અથવા પડોશમાં રહેતી વ્યક્તિઓના ભય અને ઉપદ્રવનું કારણ બને છે. તેના કારણે રોગચાળો ફેલાવવાનો ભય અને લોકોના આરોગ્ય તથા જાનમાલને નુકસાન થાય તેવી સ્થિતી ઉત્પન્ન થાય છે. તેમજ તે કચરો (Construction and Demolition Waste) દુર કરવા રાજકોટ મહાનગરપાલિકાને ખુબજ મોટો ખર્ચ થાય છે, તેમજ માનવ સમય બગડે છે. આમ, લોકોના જાનમાલના અને આરોગ્યના નુકસાનના ભોગે આવી ગેરકાયદેસર પ્રવૃતિ ચાલી રહેલ છે, આવી કોઇપણ પ્રવૃતિ જન આરોગ્ય માટે બિન સલામતી નોતરે તેમ હોય, ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ અનુસુચી-ક ના પ્રકરણ-૧૪ ની જોગવાઇઓ અનુસંધાને આવી તમામ પ્રવૃતિ કરવાનો અગાઉના જાહેરનામા નં.રા.મ.ન.પા./મ.ઓ./સો.વે.મે./જા.નં.૧૯૪૧, તા.૦૬/૦૮/૨૦૧૯ થી પ્રતિષેધ ફરમાવવામાં આવેલ અને આવા કચરા (Construction and Demolition Waste)ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકાએ નીચે દર્શાવેલ સ્થળો નિયત કરવામાં આવેલ.

૧. કોઠારીયા પોલીસ ચોકીની બાજુમાં પથ્થરની ખાણ પાસે,
૨. રૈયા સ્માર્ટ સીટીના તમામ ખાણ વિસ્તાર,
૩. ટી.પી.સ્કીમ નં.૧૦, એફ.પી.-૮૭, ઢેબર રોડ, સાઉથ અટીકા વિસ્તાર, પી.જી.વી.સી.એલ. ઓફિસ પાસે,
૪. ટી.પી.સ્કીમ નં.૨૩, એફ.પી.-૨૩, મોરબી રોડ,પોપટપરા આઇ.ઓ.સી. ગોડાઉન પાસે,
૫. સમ્રાટ ઇન્ડ. એરિયા, એસ.ટી. વર્કશોપ પાછળ, અનામત પ્લોટ,
૬. ટી.પી.સ્કીમ નં.૯, એફ.પી.-૫, રૈયાધાર ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન પાસે,
૭. ટી.પી.સ્કીમ નં.૨૦, એફ.પી.-૩૫, પ્રધ્યુમન ગ્રીન પાછળ

ઉપરોકત સ્થળો ઉપરાંત નીચે મુજબના સ્થળો Construction and Demolition Waste ના નિકાલ માટે નિયત કરવામાં આવે છે.

૧. જેટકો ચોકડી, ટી.પી.સ્કીમ નં.૨૮, મવડી, એફ.પી.-૪૬/એ,
૨. ટી.પી.સ્કીમ નં.૧૨, કોઠારીયા નેશનલ હાઇવે, લીજ્જત પાપડ પાસે, એફ.પી.-૩૮/એ, ૩૯/બી.

ઉપરોકત નિયત કરેલ સ્થળો સિવાય અન્ય કોઇપણ જગ્યાએ કોઇપણ ઇસમ/ઇસમો છકડો, ટ્રેકટર અથવા ડમ્પર દ્વારા (Construction and Demolition Waste) નો નિકાલ કરતાં પકડાશે તો પ્રથમ વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ।.૭,૫૦૦/- તથા ડમ્પર દીઠ રૂ।.૧૫,૦૦૦/-, બીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ।.૧૫,૦૦૦/- તથા ડમ્પર દીઠ



Scanned with CamScanner

રૂ.૩૦,૦૦૦/- અને ત્રીજી વખત છકડો/ટ્રેકટર દીઠ રૂ.૫૦,૦૦૦/- તથા ડમ્પર દીઠ રૂ.૧,૦૦,૦૦૦/-લેખે વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે. તેમજ વાહન જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં વસતાં નાગરીકો દ્વારા ઉપરોકત Construction and Demolition Waste ના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઝોન વાઇઝ કામગીરી માટે Construction and Demolition Waste સેલની રચના કરવામાં આવેલ છે. શહેરના નાગરિકો રાજકોટ મહાનગરપાલિકાના કોલ સેન્ટર – ૦૨૮૧-૨૪૫૦૦૭૭ પર ફોન કરી તેમની મિલ્કતનાં રીપેરીંગ કે કાટમાળનો નિકાલ નીચે મુજબનાં નિયત થયેલ ચાર્જીસ ભરપાઇ કરી નિકાલ કરવાની વ્યવસ્થાનો લાભ મેળવી શકશે.

- રીક્ષા કે ૧/૨ ટ્રેકટર રૂ.૩૦૦/-
- ટ્રેકટર જેટલો જથ્થો રૂ.૫૦૦/-
- ટ્રક / ડમ્પર જેટલો જથ્થો રૂ.૧,૦૦૦/-

ઉપરોકત નિયત કરાયેલ સ્થળોએથી ખાનગી માલિકો, જુનો એકત્રિત થયેલ બાંધકામનો કાટમાળ પોતાના ઉપયોગ માટે સ્વખર્ચે ઉપાડી લઇ જઇ શકશે.

ઉકત જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરવો.

રાજકોટ.
તા.4/6/૨૦૨૨

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા



Scanned with CamScanner

ક્રમાંક/મશન/૨૯૯/૨૦૦૭/ ×૯૮

મુખ્ય સ્ટેમ્પ અધિકારીની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર - ૧૩ - સી "ચ" રોડ,
ગાંધીનગર,
તા. ૫ /૭/૨૦૦૮

પ્રતિ,
કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
માર્ગ અને મકાન વિભાગ
જુનાગઢ

વિષય:- કરારખત પર સ્ટેમ્પ ડ્યુટી વસુલાત બાબત.

સંદર્ભ:- આપની કચેરીનો તા. ૩૦/૭/૨૦૦૮નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર દ્વારા આપની કચેરી દ્વારા "કરાર ખત" પર ભરવાની સ્ટેમ્પ ડ્યુટીના માર્ગદર્શન બાબતે જણાવવાનું કે, અત્રેની કચેરીનો પરિપત્ર નં. સ્ટેમ્પ/ ... ૨૦૦૭/૯૯૯ તા. ૫/૨/૨૦૦૭ ના પરિપત્ર ની નકલ મોકલવામાં આવે છે. જેના પેરા ... (૨)માં જણાવેલ સ્ટેમ્પ ડ્યુટી વાપરવાની થાય છે.

વિશેષમાં જણાવવાનું કે, આપના દ્વારા અત્રે રજુ થયેલ વિગત મુજબ અત્રેના તા. ...૨૦૦૭ ના પરિપત્ર ના મુદ્દા નં.૨ મુજબ એગ્રીમેન્ટ માટે રૂા. ૧૦૦/- તથા ડિપોઝીટ તરીકે ... નેશનલાઈઝ્ડ બેંકની ફીક્સ ડીપોઝીટ તથા નાની બચત પત્રોની ૨.૫ % (અઢી ટકા) રકમ રૂા. ... ૪૦૦/- ઉપર આર્ટીકલ -૩૫ (ક) સાથે આર્ટીકલ - ૨૦(ક)માં પ્રસ્થાપિત દર તથા ... મુજબ સરચાર્જસહિત ૧૦૦ એ ૪.૯૯ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવાપાત્ર હોવાનો ... થાય છે. જે વિદિત થાય.

બિડાણ:- પરિપત્રની નકલ.

Off. of the E. E. PMG
R&B Dn-2, Junagadh
૭૫૨૨
2 AUG 2008

સહી/-
સચિવ
મુખ્ય સ્ટેમ્પ અધિકારી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ન.સ્ટેમ્પ-અનામ-૧૪-૨૦૦૭-૯૩૯

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩-સી, ખ રોડ,
ગાંધીનગર.
તા.૫-૨-૦૭

પરિપત્રઃ-

અત્રેની કચેરીનાં ધ્યાન ઉપર આવેલ વિગત મુજબ ગુજરાત રાજયમાં આવેલ જીલ્લા પંચાયત, નગર પાલિકાઓ તરફથી કરવાના થતા બાંધકામ તથા અન્ય કામો માટે ટેન્ડર બહાર પાડી. કોન્ટ્રાકટરો પાસે કામગીરી કરાવવામાં આવે છે. આવી કામગીરી માટે જે કોન્ટ્રાકટરનું ટેન્ડર મંજુર કરવામાં આવે છે. તે ટેન્ડરની અંદાજીત રકમ પૈકી નિયમોનુસાર અનામતની (સીકયુરીટી – ડીપોઝીટની ) રકમ લેવામાં આવે છે. તે અંગે જીલ્લા પંચાયત / નગરપાલિકા / મહાનગરપાલિકા અને કોન્ટ્રાકટર વચ્ચે કરાર કરવામાં આવે છે. આવા કરારો સ્ટેમ્પ ડયુટીના અભિપ્રાય માટે અત્રે રજૂ કરવામાં આવે છે. તેમાં જે ડિપોઝીટની રકમ અનામત મુકવાની થાય છે. તે રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફટ બેંક ગેરંટી ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ એન.એસ.સી. બચતપત્ર વિગેરે પૈકીના એક યા વધુ માધ્યમથી આપવામાં આવે છે. તેમાં ટેન્ડર અન્વયે કેટલી રકમ સીકયુરીટી ડીપોઝીટ પેટે મુકવાની છે અને કયા માધ્યમથી મુકવામાં આવે છે. તેની પુરેપુરી વિગત રજુ કરેલ ન હોય તો આવા કેસોમાં પુરેપુરી વિગત રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી અભિપ્રાય આપી શકાતો નથી અથવા વિલંબ થાય છે. આવી પરિસ્થિતિ નિવારવા અને ટેન્ડરની રકમ અન્વયે જે કરાર કરવામાં આવે છે. તેમાં નીચેની વિગતે સ્ટેમ્પ ડયુટી લેવાની થાય છે.

(૧) અનામતની જે રકમ રોકડ, ચેક યા ડ્રાફટથી લેવામાં આવે અથવા તો બેંક ગેરંટીથી આપવામાં આવે તો કરારનાં લેખ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ –૧૯૫૮ની અનુસુચિ–૧ ના આર્ટીકલ –૫ (જ) મુજબ કરાર ઉપર રૂા. ૧૦૦/– સ્ટેમ્પ ડયુટી વાપરવાની થાય છે.

(૨) ટેન્ડર અન્વયે જે અનામતની રકમ ફિકસ ડીપોઝીટ રીસીપ્ટ, એન.એસ.સી. યા અન્ય કોઈ બચતપત્રના માધ્યમ થી અનામત મુકવામાં આવે તો તેટલી અનામતની રકમ ઉપર મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ– ૧૯૫૮ની અનુસુચિ–૧ ના આર્ટીકલ –૩૬ (ક) સાથે આર્ટીકલ ૨૦ (ક) મુજબ આ રીતે આપવામાં આવેલ અનામતની રકમના પ્રત્યેક રૂા. ૧૦૦/– અથવા તેના ભાગ માટે ૪.૨૫% પ્રમાણે સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે.

આપના તરફથી જે કામો માટે ટેન્ડર બહાર પાડવામાં આવે અને તેમાં ટેન્ડરની રકમ અન્વયે જે રકમ ડિપોઝીટ (અનામત) મુકવામાં આવે છે. તેમાં ઉપર દર્શાવ્યા મુજબ સ્ટેમ્પ ડયુટીને પાત્ર બને છે. તે મુજબ અમલ કરવા વિનંતી છે. સાથોસાથ આપના દ્વારા

ASHN

ઉપલેટા
નગરપાલિકા ઉપલેટા
ઈ. નં. ૯૪૫૬
તા. ૨૨/૨/૦૭

કોન્ટ્રાકટરને વર્ક ઓર્ડર આપવામાં આવે તે સમયે કરારનામા ઉપર ઉકત વિગતે યોગ્ય સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરેલ છે. કેમ ? તેની ચકાસણી કરવા પણ જણાવવામ. આવે છે.

અધિક મુખ્ય ... સ્ટેમ્પ
ગુજરાત રાજ્ય ...

પ્રતિ, (૧) ... કોન્ટ્રાક્ટર
(૨) જીલ્લા વિકાસ અધિકારી,
જીલ્લા વિકાસ અધિકારીની કચેરી
.............................
(૩) મ્યુનીસીપલ કમિશ્નરશ્રી,
મ્યુ. કમિશ્નરશ્રીની કચેરી
.............................
(૪) ચીફ ઓફિસરશ્રી તમામ
નગરપાલિકા કચેરી,
..(ડી.પી.નેર).....જી. ...

નાયબ કલેક્ટર,
... સ્ટેમ્પ ...

ASHN

RAJKOT MUNICIPAL CORPORATION
ACCOUNTS DEPARTMENT
Room No. 4, 2nd Floor
Dr. Ambedkar Bhavan,
Debar Road,
Rajkot - 360001

# PARTY/VENDOR REGISTRATION FORM

| | | | |
|---|---|---|---|
| VENDOR CODE | : | | |
| Party Name | : | | |
| Authorized Person | : | | |
| PAN Card No. | : | | |
| GST No. | : | | |
| Address | : | | |
| City | : | | |
| Phone No. | : | | |
| Mobile No. | : | | |
| eMail ID | : | | |
| Website | : | | |
| Area Of Work | : | | |
| Bank Details (attach copy of cancelled cheque) | | | |
| Bank Name | : | | |
| Branch Name | : | | |
| MICR Code | : | IFSC Code | : |
| Account Type | : | | |
| Account No. | : | | |

(1) Any vendor while filling a tender shall quote registration details; if he is not registred he will give fresh details along with tender.

(2) Acounts branch will designate a person who will keep the forms and also authorize new registrations or edit existing registrations.

---

TO,
CHIF ACCOUNTANT,
ACCOUNT DEPARTMENT,
RAJKOT MUNICIPAL CORPORATION

THE ABOVE MENTIONED DETAILS FOR VENDOR REGISTRATION HAS BEEN VERIFIED BY US & FOUND CORRECT. KINDLY REGISTER ABOVE VENDOR.

SIGN
NAME
DESIGNATION
DEPARTMENT NAME

રાજકોટ મહાનગરપાલિકા

હિસાબી શાખા

તા૨૦/૦૯/૨૦૧૮

જા. નં. ૧૬૧૭

પરિપત્ર :-

**વિષય :- તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત બાબત**

**સંદર્ભ :-** (૧) GoI, MoF (Department of Revenue) Central Board Indirect Taxes and Customs Notification No. 50/2018-Central Tax

(૨) GoG. Finance Department Notification No. 50/2018-State Tax

ઉપરોક્ત વિષય અને સંદર્ભે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર *રૂ. ૨,૫૦,૦૦૦ થી વધુ રકમના વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ કોન્ટ્રાક્ટરથી મેળવે તો કુલ ૨% (બે ટકા) ટેક્ષ ડીડક્શન એટ સોર્સ (જી.એસ.ટી. ટી.ડી.એસ) કાપવાનો થાય છે.*

આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લઇ વધારાની ૨% ની વધારાની નિયમો અનુસાર બિલમાંથી તા. ૦૧/૧૦/૨૦૧૮ થી જી.એસ.ટી. ટી.ડી.એસ. ની કપાત કરવાની થાય છે.

નાયબ કમિશ્નર

રાજકોટ મહાનગરપાલિકા

બિડાણ :- GST FAQ's

નકલ સવિનય જાણ અર્થે :-

(૧) માન. કમિશ્નર સાહેબશ્રી

(૨) માન. નાયબ કમિશ્નર સાહેબશ્રી. (વે.ઝોન, ઈ.ઝોન)

નકલ અમલવારી અર્થે :-

(૧) તમામ શાખા અધિકારીશ્રી

[illegible]
૨૯/૧૨/૧૯

રા.મ.ન.પા./લીગલ/જા.નં./૧૫૭૧

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા. ૨૯/૧૨/૨૦૧૯

## પરિપત્ર :

વિષય : ઇ.પી.એફ. યોજના અંતર્ગત આપવાની થતી માહિતી

રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓમાં ફરજ બજાવતા કર્મચારી કે જેઓને ઇ.પી.એફ. યોજના લાગુ પડે છે. અથવા તો જેઓને એક વખત આ યોજના લાગુ પડી ગયેલ હોય, તેઓના ઇ.પી.એફ. એકાઉન્ટમાં કે.વાય.સી. (K.Y.C) ફોર્મમાં આધાર કાર્ડ, પાનકાર્ડ, બેંક એકાઉન્ટની વિગતો તથા મોબાઇલ નંબર અપડેટ કરવાના બાકી હોય તેનું લીસ્ટ ઇ.પી.એફ. કચેરીમાં જે કર્મચારી/એકાઉન્ટ હોલ્ડરની જરૂરી વિગતો પુરી પાડવામાં આવેલ ન હોય તે સત્વરે પુરી પાડવાની થાય છે. તથા અત્રેથી આ કામગીરીના સંકલન અર્થે નિયુક્ત કરવામાં આવેલ પેનલ એડવોકેટ તરફથી ઇ-મેઇલ મારફતે યાદી પુરી પાડેલ છે. જે આ સાથે સામેલ છે. સદરહુ લીસ્ટના કર્મચારીઓની વિગત સંબંધિત શાખાએ દિન-૨ માં પેનલ એડવોકેટ 'શ્રમ કન્સલ્ટન્ટ' ને અચુકપણે પહોંચતી કરવાની થાય છે.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ દ્વારા સને ૨૦૧૧ થી આજદિન સુધી કોન્ટ્રાક્ટરો મારફતે કાર્ય કરાવેલ હોય જેમાં માનવશ્રમનો ઉપયોગ થયો હોય, તે સંબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ છે કે કેમ? તેની ખરાઇ બાદ જ સંબંધિત કોન્ટ્રાક્ટરશ્રીઓના બીલ પાસ કરવા અગાઉ સુચના આપવામાં આવેલ હતી. જેનો [illegible] સુચના આપવામાં આવે છે. સંબંધિત કોન્ટ્રાક્ટરોની તથા તેઓ હસ્તકના શ્રમિકોની ઇ.પી.એફ. કચેરી તરફથી આવેલ પત્રમાં દર્શાવેલ વિગતો તાત્કાલિક અસરથી પેનલ એડવોકેટશ્રીને દિન-૫ માં પહોંચતી કરવા દરેક શાખાધિકારીને સુચિત કરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકા
હિસાબી શાખા
ઇનવર્ડ નં. ૩૫૪૨
તારીખ ૨૯/૧૨/૧૯

સદરહુ વિગત નિયત સમયમર્યાદામાં ન મોકલવાના સંજોગોમાં અથવા તો અધૂરી અને ખોટી વિગતો મોકલવા બદલ સંબંધિત શાખાધિકારીની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવામાં આવશે. જેથી લીસ્ટમાં દર્શાવ્યા પ્રમાણેના રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓની વિગતો તથા આપની કચેરી હસ્તકના કોન્ટ્રાક્ટર તથા તેઓ હસ્તકના શ્રમિકોની વિગતો યોગ્ય ચકાસણી કરી નિયત કરેલ સમયમર્યાદામાં પેનલ એડવોકેટને પહોંચતી કરવી. તથા તેની જાણ લીગલ શાખાને કરવી.

ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવો.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

<u>નકલ સવિનય રવાના :</u>
- માન. કમિશનર સાહેબ
- નાયબ કમિશનર (ઇ.ઝો./સે.ઝો.)

<u>નકલ રવાના :</u>
તમામ શાખાધિકારી (અમલવારી)

પેનલ એડવોકેટનું સરનામું : શ્રદ્ધા કન્સલ્ટન્ટ
૫૦૨ એસ્યુરેડ સ્ક્વેર
ટાગોર રોડ, સાયકલ ઝોન ઉપર
રાજકોટ. ફોન નં. ૨૪૬૩૩૮૦

નોંધ : <u>સંબંધિત કોન્ટ્રાક્ટરો ઇ.પી.એફ. એક્ટ તથા ઇ.એસ.આઇ. એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા તમામ કોન્ટ્રાક્ટરોના બીલો ઓડિટ તથા હિસાબી શાખાએ મંજુર કરવા નહિ.</u>

C-385
A

રા.મ.ન.પા./લીગલ/જા.નં. ૧૮૫૮

રાજકોટ મહાનગરપાલિકા
લીગલ શાખા
તા.૧૮/૨/૨૦૧૭

હુકમ:

વંચાણે : લીગલ ફાઇલ નં.૩૭૧/૨૦૧૬-૧૭

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે જુદી-જુદી શાખાઓ દ્વારા કામગીરીના પ્રકારને ધ્યાને લઇ નિયમ અનુસારની પ્રક્રિયા અનુસરીને એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર સાથે જોગવાઇઓ સંબંધે કરાર કરવામાં આવે છે. મહાનગરપાલિકાની કામગીરી સંદર્ભે તૈયાર કરવામાં આવતા ટેન્ડર/કરારનામામાં વખતો વખતની જરૂરીયાતને ધ્યાને લઇ આર્બીટ્રેશન (Arbitration) ની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરી માટે કરવામાં આવેલ કરારનામાની શરતો અનુસંધાને અમુક એજન્સી/સપ્લાયર/કોન્ટ્રાકટર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી નામદાર હાઇકોર્ટ સમક્ષ આર્બીટ્રેટરશ્રીની નિયુક્તિ અંગે પીટીશનો કરવામાં આવે છે, જેના કારણે મહાનગરપાલિકાની કામગીરીના ભારણમાં વધારો થયેલ છે. અને સબંધિત અધિકારીશ્રીઓને વારંવાર અમદાવાદ ખાતે હાજર રહેવુ પડતુ હોય તેના કારણે અગત્યના પ્રોજેકટો સહીત કચેરીની કામગીરી તેમજ પ્રજાકીય કામો ઉપર વિપરીત અસર થવા પામેલ છે. તેમજ અરજદારોને હેરાન થવું પડે છે. આ અંગે કાયદાકીય, શાખાના અભિપ્રાય અને પ્રકરણની વિગતો જોતા આ કામે વૈકલ્પિક ઉપાય (alternate remedy) ઉપલબ્ધ હોય મહાનગરપાલિકાના ટેન્ડર/કરારનામામાં આર્બીટ્રેશનની જોગવાઇઓને સામેલ કરવાનું ઉચીત જણાતું નથી.

આથી " રાજકોટ મહાનગરપાલિકાના કામે કરવામાં આવતા ટેન્ડર ડોક્યુમેન્ટ અને કરારનામામાં આર્બીટ્રેશન (Arbitration) ને લગત જોગવાઇઓ દુર કરવાનો," અને તેના બદલે "ટેન્ડરની શરત/કરારનામાની શરતના અર્થઘટન સંદર્ભે મહાનગરપાલિકાના કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે," અને "ટેન્ડરની/કરારનામાની શરતો અંગે કોઇ પણ બાબતે વિવાદ ઉપસ્થિત થયે રાજકોટની દિવાની અદાલતની હકુમત રહેશે," તેવી શરતોનો મહાનગરપાલિકાના કામ અર્થે તૈયાર કરવામાં આવતા તમામ કામગીરીના પરિપત્રો/ટેન્ડર ડોક્યુમેન્ટ તેમજ કરારનામામાં સમાવેશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી ચુસ્તપણે કરવો.

કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

નકલ રવાના જાણ અર્થે : નાયબ કમિશનરશ્રી (તમામ)

નકલ રવાના જરૂરી કાર્યવાહી અર્થે : તમામ શાખાધિકારીશ્રીઓ

anner